**સુવિચાર**

સંસ્કૃત ભાષાનું અધ્યયન વધે તો સંસ્કૃતિ અને સંસ્કાર હંમેશા વધતા જ રહે છે. માણસમાં સંસ્કાર હોય તો જીવન હારે નહી.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૯/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ ભાદરવા સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૩૭

## ભાજપનાં મહત્વનાં પદાધિકારીએ પોલીસ અધિક્ષકને પત્ર પાઠવ્યો

# લીલીયા પંથકમાં દારૂબંધીની અમલવારી કરાવો : વિપુલ દુધાત

**સ્થાનિક પીએસઆઈ અને અન્ય બે પોલીસકર્મીની હેડ કવાર્ટર ખાતે બદલી કરવાની માંગ કરી**

**સ્થાનિક પીએસઆઈને રજૂઆત કરવામાં આવે છતાં પણ દારૂનાં દુષણને ડામવામાં આવતુ નથી**

**આમ નાગરિક ઉચ્ચકક્ષાએ ફરિયાદ કરવાનું કહે તો તેને ખોટા કેસામાં ફીટ કરવાની ધમકી મળે**

**સ્થાનિક પોલીસકર્મીની ઓડિયો કલીપમાં હપ્તાની વાતચીત વાયરલ થતાં ચકચાર મચી**


અમરેલી, તા. ૨૫

લીલીયા પંથકમાં ખુલ્લેઆમ દારૂનું દુષણ ચાલતું હોય અને સ્થાનિક પોલીસની મીલ્ટીનજર તળે જ દારૂનું દુષણ ફુલ્યુ ફાલ્યુ હોય સત્તાધારી ભાજપનાં મહત્વનાં આગેવાન અને જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતે પોલીસ અધિક્ષકને પત્ર પાઠવેલ છે.



પત્રમાં જણાવેલ છે કે, લીલીયા પોલીસ સ્ટેશનની હદમાં તાલુકાના ૩૭ ગામ આવે છે અને લીલીયા પોલીસ સ્ટેશનમાં જયારથી નવા .કયની બદલી થઈ છે ત્યારથી લીલીયા તાલુકામાં ખુલ્લેઆમ બુટલેગરો દારૂનું વેચાણ કરી રહ્યા છે. જે સામાન્ય નાગરિકોને અસહ્ય માનસિક ત્રાસ છે અને ખુલ્લેઆમ દારૂના વેચાણથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે અને પીએસઆઈને લોકો ધ્વારા વારંવાર મૌખિક ફરિયાદો કરવા છતાં કોઈ ઉકેલ આવી નથી અને લોકો દારૂ પીવાનું બંધ કરે અને જો આપ સુધી કોઈપણ ફરિયાદ કરવા આવવાનું કહે તો તેના મળતીયા ધ્વારા ખોટા કેસમાં ફસાવી આપવાની સામાન્ય લોકોને ધમકી મળે છે. લીલીયા પોલીસ સ્ટેશનના કર્મચારી ધ્વારા ખુલ્લેઆમ દારૂનાં હપ્તા માંગણી કરતો એક ઓડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ છે. જે ઓડિયો કલીપ સાંભળતા દારૂ વેચાણ કરનાર પાસેથી હપ્તો માંગણી કરે છે અને દારૂ વેચવા માટે પ્રોત્સાહન પણ ઓ છે. જે પોલીસ સ્ટેશનના પીએસઆઈની મદદ વગર અશકય છે. જેથી લીલીયા પોલીસ સ્ટેશનના કર્મચારી અને પીએસઆઈની હેડકવાર્ટર ખાતે બદલી કરી નિયમોનુંસાર કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## ૨ દિવસ માટે તમામ લોકલ રૂટ બંધ



ગપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વડોદરા ખાતે પધારી રહ્યા હોવાથી તા. ૨૬/૯ અને ૨૭/૯ એમ બે દિવસ સુધી વાહનો તે માટે ફાળવવાનાં હોવાથી તમામ લોકલ રૂટ બંધ રહેશે તેવું બોર્ડ સોશ્યલ મીડિયામાં વાયરલ થયું છે અને આ બોર્ડ સાવરકુંડલા ડેપોનું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## વાહ કુદરત, તારી લીલા અદ્‌ભૂત અને અકળ પણ



સાવરકુંડલા શહેરમાં બપોરે ત્રણ આસપાસ જોરદાર વરસાદી ઝાપટું પડતાં વાતાવરણ સંપૂર્ણ વાદળોથી છવાયેલું મળ્યું. આ એક દ્રશ્ય લગભગ સાંજના સાડા છ આળેગાળે એ અરસામાં સૂર્યાસ્તની એ અદભૂત પળોનું બીજું દ્રશ્ય. આમ એક તરફ વરસાદી ઝાપટાની લાઈવ તસવીર તો બીજી તરફ એ સૂર્યાસ્તની પળોનો અદભૂત નઝારો. આમ કુદરત પણ પ્રકૃતિ દ્વારા વિવિધ રંગો માત્ર થોડી ક્ષણોમાં કેવા રંગ રૂપ ખીલવે છે.!! ખરેખર કુદરત જ શ્રેષ્ઠતમ કલાકાર છે પોતાની પીંછી વડે સમગ્ર આભામંડળમાં નયનરમ્ય રંગો પૂરી આહલાદક વાતાવરણ પણ સર્જી શકે છે. સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીનાં કેમેરામાં કેદ થયેલી નયનરમ્ય પળનાં દ્રશ્યો. કુદરતની લીલા જ અદભૂત છે. કુદરતની આ અકળ લીલાને પામવા સાત જન્મારાં પણ ઓછાં પડે..!!

## વેપારી યુવક ઉપર થયો હુમલો

# રામપર ગામે માથાકૂટનાં સમાધાન માટે ભેગા થયાને માથાકૂટ

અમરેલી, તા. ૨૫

લાઠી ગામે ખોડિયાનગરમાં રહેતા ભોળાભાઈ મેઘાભાઈ મેર નામના ૨૮ વર્ષિય વેપારી યુવક તથા લાઠી તાલુકાના રામપરા ગામે રહેતા આરોપી દેહુરભાઈ રામભાઈ મેર વચ્ચે અગાઉ જેસીબી મશીન બાબતે

અનુસંધાન પાના ૬ ઉપર















## મહિલા આરક્ષણ બિલથી મહિલા અધિકારની વાત કરતી ભાજપ સરકાર દ્વારા

# નવા સસંદભવનનાં વિશેષ સત્રમાં મહિલા રાષ્ટ્રપતિને કેમ બોલાવાયા નહી ?

### બોલીવુડની એકટ્રેસને બોલાવવામાં આવતાં કોંગી સાંસદ શ્રીમતિ રજની પાટીલે નવો મુદ્દો ઉપસ્થિત કર્યો

### પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ ૧૯૮૯માં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મહિલા અનામત આપેલ ત્યારે ભાજપનાં આગેવાનોએ વિરોધ કર્યાનું જણાવાયું

### મહિલા આરક્ષણથી દેશની અર્ધી આબાદીને અધિકારો આપવાની દ્રઢતા પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની છે

### મહિલા આરક્ષણ બિલમાં એસ.સી., એસ.ટી. અને ઓબીસી મહિલાનાં આરક્ષણની જોગવાઈ જરૂરી હોવાનું સાંસદે જણાવ્યું

અમદાવાદ, તા. ૨૫

રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં શ્રીમતી રજની પાટીલ સંસદ રાજયસભા મહામંત્રી એ.આઈ.સી.સી.એ ભાજપની કથની અને કરની ઉપર સવાલ ઉપાડયા હતા. શ્રીમતી રજની પાટીલે કેન્દ્રની ભાજપ સરકાર ઉપર સવાલ કર્યો હતો કે સંસદના નવા સદનના વિશેષ સત્ર દરમિયાન મહિલા આરક્ષણ બિલના પ્રચાર માટે મુંબઈથી એકટ્રેસને બોલાવી શકાય, તો દેશના આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુને કેમ નહિ ? મહિલા આરક્ષણ બિલને ચૂંટણીલક્ષી જુમલો ગણાવતા, ૨૦૨૯માં આરક્ષણ લાગુ થશે કે નહીં તેવી શંકા વ્યકત કરી હતી. ઈતિહાસને યાદ કરતા શ્રીમતી રજની પાટીલે જણાવ્યું હતું કે જયારે પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધી દ્વારા ૧૯૮૯ માં પ્રથમ વખત સ્થાનિક સ્વરાજમાં ૩૩% મહિલા અનામતનું બિલ રજૂ કર્યુ હતું ત્યારે ભાજપના દિગ્ગજ નેતા ગણાય તેવા અટલબિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી, યશવંતસિંહા અને રામ જેઠમલાણી જેવા નેતાઓએ વિરોધ કર્યો હતો જેના લીધે સાત મતોથી બિલ નિષ્ફળ ગયું હતું. છતાં દ્રઢ અભિગમથી પૂર્વ પ્રધાનમંત્રી નરસિંહમા રાવના નેતૃત્વ હેઠળ કોંગ્રેસ સરકાર દ્વારા મહિલાઓને પંચાયત અને નગરપાલિકાઓમાં ૩૩% અનામતનું બિલ પસાર કરવામાં આવ્યું હતું તે બાદ સ્થાનિક સ્વરાજમાં મહિલા આરક્ષણ તે કાયદો બની ગયો છે. કોંગ્રેસના દીર્ઘદ્રષ્ટિના નિર્ણયથી આજે ૧૫ લાખ મહિલાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં નેતૃત્વ કરી રહી છે.પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહના નેતૃત્વની યુ.પી.એ સરકાર દ્વારા મહિલા આરક્ષણ બિલને રાજયસભામાં મંજૂર કરવામાં આવ્યું. છેલ્લા નવ વર્ષના ભાજપ શાસનમાં કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી દ્વારા ૨૦૧૬ અને ૨૦૧૭માં પ્રધાનમંત્રીને પત્ર લખીને મહિલા આરક્ષણ બિલને મૂકવાની માંગ કરી હતી. વર્ષ ૨૦૧૮માં પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા પ્રધાનમંત્રીને પત્ર લખીને મહિલા આરક્ષણ બિલની માંગ કરવામાં આવી હતી તથા મહિલા આરક્ષણ મુદ્દે બિનશરતી ટેકો જાહેર કર્યો હતો. છેલ્લા સાડા નવ વર્ષથી લોકસભામાં બહુમતી હોવા છતાં ભાજપ સરકારને મહિલા આરક્ષણ બિલ કેમ યાદ ના આવ્યું તે સવાલ ઊભો થાય છે. મહિલા આરક્ષણ બિલ લાવતી



વખતે સામાજિક આર્થિક અને જ્ઞાતિ આધારિત જનગણના અને સીમાંકનની શરતો શું કામ મૂકવામાં આવી છે. યૂ.પી.એ. ના શાસન માં ૨૦૧૧–૨૦૧૨ ના સેન્સસમાં આંકડા સરકાર જાહેર કરે તે હિસાબે મહિલાઓને તેમનો અધિકાર આપે તેવી કોંગ્રેસ માંગ છે.

મહિલા આરક્ષણ બિલ માં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. ની મહિલાઓને તેમની વસ્તી મુજબ આરક્ષણનો અધિકાર મળે તેવી કોંગ્રેસ માંગ કરે છે. ભાજપનું નેતૃત્વ મહિલા સશકિતકરણની ખોખલી વાતો કરે છે, જયારે મહિલાઓને જરૂર હોય ત્યારે ચૂપ હોય છે. દેશની મહિલા પહેલવાનો ન્યાય માંગી રહ્યા ત્યારે પ્રધાનમંત્રી–ભાજપ સાંસદો ચૂપ કેમ ? કઠુવા, ઉન્નાઓ, હથરસ કે બિલ્કિસની ઘટના ઉપર પ્રધાનમંત્રી–ભાજપના સાંસદો ચૂપ કેમ ?

પત્રકાર મિત્રના કોંગ્રેસમાં મહિલાઓના પ્રતિનિધિત્વ ઉપર સવાલના જવાબમાં શ્રીમતી રજની પાટીલે જણાવ્યું હતું કે ૧૯૮૫ થી ૨૦૧૭ સુધીમાં ગુજરાતમાં કોંગ્રેસે ૯૭ મહિલા ઉમેદવાર આપ્યા જયારે ભાજપે ૭૬ ઉમેદવાર જે દર્શાવે છે કોંગ્રેસની મહિલાઓ પ્રત્યેની સંવેદનશીલતા અને તેમના હક્ક અધિકારોની ચિંતા. આવતીકાલના પ્રધાનમંત્રીના ગુજરાત પ્રવાસ ઉપરના સવાલના જવાબમાં શ્રીમતી પાટીલે પ્રધાનમંત્રીના પ્રેસ કોન્ફરન્સની માંગ કરી અને ગુજરાતમાં મહિલાઓ ઉપર વધતા અપરાધો ઉપર સવાલ ઉપડયા હતા.

પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ જેનીબેન ઠુમ્મર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયા, અમદાવાદ શહેર કાર્યકારી પ્રમુખ કામિનીબેન સોની ઉપસ્થિત રહ્યાં હતાં.

### સ્થાનિક પીઆઇ જે.જે. ચૌધરીએ કલાકોમાં ગુન્હાનો ભેદ ઉકેલ્યો

## જાફરાબાદમાં ડીલેવરીમેન પાસેથી રૂપિયા ૩.૪૬ લાખ ઝુંટવી જનાર ૨ શખ્સો ઝડપાયા

### બન્ને આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૫

જાફરાબાદમાંથી ઝુટવી ગયેલ પાકીટ રોકડ રૂ.૩,૪૬,૨૦૦ના ગુન્હાનો ભેદ ઉકેલી ગણતરીની કલાકોમાં બે ઈસમોને રોકડ રકમ સાથે જાફરાબાદ ટાઉન પોલીસે ઝડપી લીધેલ છે. અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ મિલકત સંબંધી ગુન્હાના આરોપીઓ શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુન્હાઓ ડીટેકટ કરવા સુચના અને માર્ગદર્શન હતું, જે અન્વયે જાફરાબાદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. જે.જે. ચૌધરીની રાહબરી હેઠળ ઝુટવી ગયેલ પાકીટના ગુન્હાને અંજામ આપી નાસી ગયેલ આરોપીઓની તપાસ કરવા જાફરાબાદ પોલીસ ટીમે ખાનગી બાતમીદારો મારફતે આરોપીઓ અંગે ચોક્કસ બાતમી મેળવી, ગુન્હાને અંજામ આપનાર બે આરોપીઓને ગણતરીની કલાકોમા આંચકી (ઝુટવી) ગયેલ મુદ્દામાલ રોકડ રકમ રૂ.૩,૪૬,૨૦૦ રીકવર કરી ગુન્હાનો ભેદ ઉકેલેલ છે. આ બનવાની વિગત એવી છે કે, ગત તા. ૨૨ ના વસીમખાન મહેબુબખાન પઠાણ ડીલેવરીમેન રહે. મહુવાવાળાએ પોતાની કેરી માલવાહક ગાડી



જી.જે.–૦૪ – એ.ડબલ્યુ. – ૪૬૧૫ ની જાફરાબાદ નવધરા બજારમાં માલસામાન ડીલેવરી કરવા પાર્ક કરેલ તે વખતે આરોપી અફઝલ મહમદઅલી ઉર્ફે લાલાભાઈ મન્સુરી તથા મુસ્તુફા ફારૂકભાઈ મન્સુરી (રહે બંન્ને જાફરાબાદ) વાળાએ હવાલાવાળા વાહનની બારીમાંથી હાથ નાખી ડીલેવરીમેનને પથ્થર મારવાનો ભય બતાવી તેમની પાસે રહેલ રોકડ રકમ રૂપિયા ૩,૪૬,૨૦૦૬ ભરેલ આંચકી (ઝુટવી) નાશી ગયા હતા. તેમને ગણતરીની કલાકોમાં આંચકી (ઝુટવી) ગયેલ મુદ્દામાલ રોકડ રકમ રૂ.૩,૪૬,૨૦૦ રીકવર કરી ગુન્હાનો ભેદ ઉકેલેલ છે.

## ધારી રાઉન્ડની છતડીયા બીટનાં અનામત જંગલમાં ગે.કા. પ્રવેશ કરના વિરૂદ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૨૫

સરસીયા રેંજમાં ધારી રાઉન્ડની છતડીયા બીટના અનામત જંગલ વિસ્તારમાં ગત તા.૧૭–૮–૨૩ ના રોજ ગેરકાયદેસર પ્રવેશ કરી વન્યપ્રાણીઓ ઉપર રાત્રીના સમયે વાહન અને હાથબતી દ્વારા પ્રકાશ ફેંકી વન્યપ્રાણીઓને રંજાડ કરવાના ગુન્હા સબબ ગીર(પૂર્વ) વનવિભાગના નાયબ વન સંરક્ષક રાજદિપસીંહ ઝાલા, મદદનીશ વન સંરક્ષક શૈલેષ ત્રીવેદીના માર્ગદર્શન હેઠળ સરસીયા રેંજના મહીલા રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રીમતી જયોતિબેન વાજા અને તેમની ટીમ દ્વારા સઘન તપાસ કરતા ગત તા. ૨૧ અને તા. ૨૨–૯–૨૩ ના રોજ ટીંબલા, રાજકોટ, બારડોલી અને સુરત સુધીનું પગેરૂ શોધી કાઢી, ગેરકાયદેસર સિંહ દર્શનની લાલચથી આવેલ પ્રતાપ જગુભાઈ, સુનીલ મનસુખભાઈ, વિક્રમ



મનસુખભાઈ, રાકેશ ચંદુભાઈ તથા ભીખુ નંદલાલ નામના ૫ ઈસમો તેમના વાહન ઈનોવા નં.જી.જે. ૧૮ એબી. ૯૩૬૪ સાથે રજુ થતાં તેમની આ પાંચેય ઈસમો સામે કાયદાકીય કાર્યવાહી કરી રૂપિયા ૨,૦૭,૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવેલ છે.

આ અગાઉ પણ ગત તા.૧૭–૮–૨૩ ના આજ ગુનાના અનુસંઘાને ૫(પાંચ) આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ જેમાં પણ રૂપિયા ૧,૯૦,૦૦૦ નો દંડની વસુલાત કરવામાં આવેલ આમ આ સંપૂર્ણ કેસમાં વન્યપ્રાણીઓને રંજાડ અને ગુન્હાહીત કૃત્ય આચરવા બદલ વન્યપ્રાણી અધિનિયમ ૧૯૭૨ની વિવિધ કલમ હેઠળ રૂપિયા ૩,૯૭,૦૦૦ ના દંડ વસુલ કરી નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### ૫૦૦ કિ.મી. દુર જવાનું હોય માંડ ૨૦ કિ.મી. ચાલી શકી

## અમરેલીથી ઉપડતી માતાના મઢ રૂટની એસ.ટી. બસ માત્ર ૨૦ કિ.મી. દૂર લુણકી પહોંચતા તો અટકી ગઇ

### જનતાને બુલેટ ટ્રેનના અને વંદે ભારતનાં સપના વચ્ચે બસની સારી સુવિધા મળતી નથી

અમરેલી, તા. ૨૫

અમરેલી એસટી ડિવિઝન કેટલી હદે ખાડે ગયુ છે ત્યારે આપણી સરકાર બુલેટ ટ્રેનની વાતો કરે છે ૫૦૦ કિલોમીટરના રૂટમાં ચાલતી બસ ૨૦ કિલોમીટર સુધી જ પહોંચી શકે છે આટલી બધી કન્ડમ હાલત અમરેલી એસ.ટી. વિભાગની ગાડીઓની છે. વિભાગીય નિયામક માત્ર રૌફ જમાવવામાં માને છે પરંતુ વિભાગીય વર્કશોપ તથા અન્ય છ ડેપોના વર્કશોપ માં કર્મચારીઓ મોટાભાગના ગેરહાજર જોવા મળે છે ના તો આમના ઉપર કોઈ એકશન લેવાય છે કે ના તો તેમને ખુલાસો પૂછવામાં આવે છે.

વિભાગમાં છાસવારે બનતા આવા બનાવોથી પ્રવાસીઓનો વિસ અમરેલી એસ.ટી. વિભાગે ગુમાવ્યો છે. ૨૦ કિલોમીટર જઈને બસ ઉભી રહી જાય અને પછી ડ્રાઈવર કંડકટર અને પ્રવાસીઓ વચ્ચે ઘર્ષણ થવા પામે છે એક કલાક સુધી વર્કશોપ ઈન્ચાર્જ સાથે માથાકૂટ કર્યા પછી સાદી ગાડી લુણકી ખાતે મોકલી હતી અને પ્રવાસીઓ આગળ જવા માટે રવાના થયા હતા. ભાડુ સ્લીપર કોચનું લેવાય છે રિફંડ કોઈ જાતનું અપાતું નથી. પ્રવાસીઓ પણ લૂંટાઈ રહ્યા છે. અમરેલી માતાના મઢ રૂટમાં આવી ગાડી ચાલે છે જે વાસ્તવિકતા છે.

### રાજુલા નજીક આવેલ

## વાવેરા ગામે વાડી વિસ્તારમાં વન્યપ્રાણી નીલગાયનું વીજ કરંટથી મૃત્યુ

### ખુલ્લો વીજપ્રવાહ પસાર કરનાર આરોપી ઝડપાયા

અમરેલી, તા. ૨૫

મદદનીશ વન સંરક્ષક અમરેલીની સુચના હેઠળ વન્ય જીવ રેન્જ રાજુલાના આર.એફ.ઓ. વાય.એમ. રાઠોડ તથા સ્ટાફને વન્ય પ્રાણીનું મૃત્યુ થયાની બાતમી મળ તા રૂબરૂ સ્થળ પર તપાસ કરતા આરોપી પરસોત્તમભાઈ જાદવભાઈ જોગાણીએ પોતે પોતાની માલિકીની વાડીમાં ખુલ્લો વીજપ્રવાહ પસાર કરી એક નીલગાયનું મૃત્યુ નીપજાવેલ હોય, જે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ મુજબ ગુન્હો બનતો હોય છે, જે ગુન્હો આરોપીએ કબૂલ કરેલ છે, જે સબબ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરતા આરોપી પાસેથી ૨૫,૦૦૦ એડવાન્સ રિકવરી પેટે વસૂલ કરી આરોપીને જાતન પર મુકત છે. કામગીરીમાં વાય.એમ. રાઠોડ



રેન્જ ફોરેસ્ટ ઓફીસર, વન્યજીવ રેન્જ રાજુલા, આઈ.વી.ગોહિલ, વનપાલ સૂચિત રેસ્કયુ ટીમ–૧ રાજુલા, એચ.આર. બારૈયા વનરક્ષક બર્બટાણા બીટ, યુવરાજભાઈ ટ્રેકર, ધારેર, સંજયભાઈ ટ્રેકર, ધારેર વિગેરે જોડાયા હતા.

## અમરેલીનાં ડો. મનિષભાઈ સોલંકીનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૨૫

અમરેલીમાં રહેતા ડો. મનિષભાઈ સોલંકીએ કોરોનાની મહામારીમાં રાત–દિવસ જોયા વગર ગરીબ–મધ્યમવર્ગીય તથા અન્ય વર્ગનું ધ્યાન રાખી સારવાર કરી ઘણાબધા જીવોને બચાવ્યા હતા. આવી સેવાભાવના ધરાવતા અમરેલીના સેવાભાવી ડો. મનિષભાઈ સોલંકીનો આજે જન્મ દિવસ છે.

તેઓ હમણાં થોડા દિવસો પહેલા એક બીમારીમાંથી બહાર આવ્યા છે અને તેમને નવજીવન મળ્યું છે. તેઓએ નવજીવન મળવા પાછળ પોતાના દર્દીઓનાં આશીર્વાદ અને પ્રાર્થનાથી પોતાને નવજીવન મળ્યું છે



તેમ જણાવે છે.

ડો. મનિષભાઈ સોલંકીન આજે જન્મ દિવસ હોય જન્મ દિવસ નિમિત્તે તેમના મિત્રો, શુભેચ્છકો, સગા–સબંધીઓ તથા દર્દીઓ તરફથી તેઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## બાબરા લોહાણા મહાજનનાં અગ્રણીઓ 'અમરેલી એકસપ્રેસ'ની શુભેચ્છા મુલાકાતે



અમરેલી, તા. ૨૫, બાબરા લોહાણા મહાજનાં પ્રમુખ મુળજીભાઈ જસાણી, મંત્રી ઋષિ રૂપારેલીયા અને ટ્રસ્ટી તેજસભાઈ કારીયાએ ''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઈને તંત્ર મનોજ રૂપારેલ સાથે બાબરા ખાતે લોહાણા મહાજન ધ્વારા થતાં સેવાકાર્યોની વિસ્તૃત ચર્ચા કરીને મહત્વની જાણકારી આપી હતી.

### ગીરગઢડા નજીક આવેલ

## ધોકડવા ગામે સોશ્યલ મીડિયામાં જ્ઞાતિ પ્રત્યે અભદ્ર ટિપ્પણી કરનાર સરપંચના પતિ સામે એટ્રોસીટીની ફરિયાદ

### સોશ્યલ મીડિયા ગૃપમાં અભદ્ર ગાળો લખીને મોકલતા લખાણનો સ્ક્રીનશોટ વાયરલ

ઉના, તા. ૨૫

ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામના મહિલા સરપંચના પતિ એભલ બાંભણિયા ઉપર ધોકડવા ગામના દલિત અને મુસ્લિમ જ્ઞાતિના લોકો પ્રત્યે વોટસએપ ગૃપમાં અભદ્ર ટિપ્પણી અને અપશબ્દો લખતા ફરીયાદ દાખલ થઈ. ધોકડવા ગ્રામ પંચાયતમાં મહિલા સરપંચ છે અને એભલ બાંભણીયા તેમની આ સત્તાનો દૂર ઉપયોગ કરી અવાર નવાર વિવાદમાં રહે છે. એભલ બાંભણિયાને તેમની પત્નીના સરપંચ હોવાનું અભિમાન હોય તેવી વર્તણુંક હોય છે જેથી એક વોટસઅપ ગૃપમાં આ વ્યકિત દ્વારા દલિત સમાજ અને મુસ્લિમ સમાજ વિશે અભદ્ર ટિપ્પણી કરી અને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરવામાં આવી તેવા અપશબ્દનો પ્રયોગ કરીને પોતાની ઉપર કોઈ પોતાના સમાજના આગેવાનો પ્રત્યે રોષ ઠાલવ્યો હતો. જેમાં દલિત અને મુસ્લિમ સમાજને અપશબ્દો કહ્યા હતા. ત્યારે ધોકડવા ગામના વિ.કે. ચૌહાણે તેમજ તાલુકાના આજુ બાજુના ગામના દલિત સમાજના અગ્રણીઓ મુસ્લિમ સમાજના અગ્રણીઓને સાથે રાખીને આ અંગે ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટી એક્ટ મુજબ ગુનો નોંધાવ્યો હતો.

સરપંચ પતિ દ્વારા ગ્રામ પંચાયતના જમીનના કામો કે માટી ખોદકામને લઈને અનેકવાર વિવાદમાં રહ્યા છે. પોતાની પત્ની સરપંચ હોવાનો અને પૈસા અને સત્તાના જોરે અવાર નવાર લોકો ઉપર રોફ જમાવવાનાં પ્રયત્નો કરતો હોય છે તેવા પણ આક્ષેપો થયા છે. એભલ બાંભણિયાએ સોશ્યલ મીડિયામાં દલિત સમાજ તેમજ મુસ્લિમ સમાજ વિશે ટિપ્પણી કરતા બન્ને સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. તેમજ આવા અસામાજિક તત્વો વિરૂદ્ધ કાયદાકીય પગલાં ભરી કાયદાનું ભાન અપાવવા માંગ ઉઠી છે.

જો સરપંચના પતિ જ આવી તાનાશાહી વાપરતો હોય તો આમ જનતા નું શું થતું હશે ? તેવી વાતો પણ લોકોમાં ચર્ચાય રહી છે. હાલ આ અંગે ગીર ગઢડાપોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાતા આ વાત ચર્ચાનો વિષય બની છે.

## વૃધ્ધ અને મહિલા મુસાફરોમાં બેચેની ઉભી કરતી ઘટના


# સાવરકુંડલાનું રેલ્વે સ્ટેશન ગૌ-માતાનું આશ્રય સ્થાન બન્યું


**રેલ્વેને લગત એકાદ સારા કામનો જશ લેવા પડાપડી કરનારને હવે રખડતી ગૌ-માતાની સમસ્યાનો અપજશ લેવાની જરૂર છે**

**સારા બધા કાર્યો અમારા અને અમારી સરકારનાં અને નબળા કામો અને કારનામા બધા વિપક્ષનાં કહેવું એ યોગ્ય નથી**

**જાહેર માર્ગો, બસ સ્ટેન્ડ બાદ હવે રેલ્વે સ્ટેશન સુધી ગૌ-માતા ભટકી રહી છે છતાં કોઈને કાંઈ પડી નથી**

**પદાધિકારીઓ તો કુંભકર્ણની નિંદ્રામાં છે પણ અધિકારીઓ કયાં ખોવાયા છે તે સમજાતું નથી**







સાવરકુંડલા, તા. ૨૫

અમરેલી જિલ્લામાં રખડતા પશુઓની સમસ્યા દિનપ્રતિદિન વિકરાળ બની રહી છે. જિલ્લાનાં લાગતા–વળગતા વિભાગનાં પદાધિકારીઓ કે અધિકારીઓને આ બાબતે જનતા જનાર્દનની સમસ્યા દૂર કરવાની કોઈ કાર્યવાહી કરવી જ નથી તે સાબિત થઈ રહ્યું છે.

દરમિયાનમાં સાવરકુંડલાનાં રેલ્વે સ્ટેશનમાં એક નહી બલ્કે સેંકડો ગૌ–માતા આમથી તેમ આંટાફેરા કરતી હોય વૃધ્ધો, બાળકો અને મહિલા મુસાફર વર્ગમાં ફફડાટ ફેલાઈ રહ્યો છે. મુસાફરોને ટિકિટબારી સુધી પહોંચવામાં પણ મુશ્કેલી થઈ રહી છે. રેલ્વે સ્ટેશનમાં મુસાફરોને સામાન સાચવવા કે ગૌ–માતાથી બચવું કે સાથે કોઈ વૃધ્ધ કે બાળક હોય તેની કાળજી લેવી તે સમજાતું નથી.

રેલ્વેને લગત એકાદ કામ સારૂ થયું હોય તો તેનો જશ લેવા માટે સત્તાધારી પક્ષનાં આગેવાનો, પદાધિકારીઓ કે અમુક અધિકારીઓ પણ ઉત્સાહ દર્શાવતા હોય છે પરંતુ કોઈ સમસ્યા સામે આવે તો તેની જવાબદારી વિપક્ષ પર ઢોળીને જનતા જનાર્દનને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

અમરેલી જિલ્લામાં રખડતા પશુઓની સમસ્યા એટલી બધી વિકરાળ બની છે કે જિલ્લાનાં લગભગ તમામ શહેરો અને તમામ જાહેર માર્ગો, રહેણાંક વિસ્તારો કે બસ સ્ટેન્ડ કે રેલ્વે સ્ટેશન જેવા જાહેર સ્થળો પણ સલામત નથી. તેવા સમયે અન્ય વિકાસ કાર્યોને થોડા દિવસો વિરામ આપીને સૌ કોઈએ રખડતા પશુઓની સમસ્યા દૂર કરવી જોઈએ તેવી માંગ જનતા જનાર્દન કરી રહી છે.

## દામનગર : નારણગઢ (નવાગઢ)નાં ખેડૂત ઉપર અર્ધો ડઝન વ્યકિતઓનો હુમલો

અમરેલી, તા. ૨૫

લાઠી તાલુકાના નારણગઢ (નવાગામ) ગામે રહેતા ઘનશ્યામભાઈ ઉર્ફે માતાજી કાળુભાઈ પરમાર નામના ખેડૂતે ચારેક માસ પહેલા લાઠી ગામે રહેતા ભોલાભાઈ સાર્દુળભાઈ પાડા નામના આરોપીને બકેટ લોડર (જે.સી.બી. મશીન) નં.જી.જે.–૧૨–એ.એન.–૧૬૬૦ નું રૂપિયા પાંચ લાખથી વેચાણનો સોદો થયેલ હતો. જેમાં આરોપી ભોલાભાઈ પાડાએ રૂપીયા બે લાખ આપ્યા હતા અને રૂપીયા ત્રણ લાખ દેવાના બાકી હોય જેથી ખેડૂતે બકેટ લોડર (જે.સી.બી. મશીન) આરોપીને ડીલવરી નહી આપતા તેનુ મનદુઃખ રાખી આરોપી ભોલાભાઈ સાર્દુળભાઈ પાડા (રહે. લાઠી), ભોળાભાઈ મેઘાભાઈ મેર, ગગજીભાઈ હામાભાઈ ભરવાડ (રહે. હાવતડ તા. લાઠી), ધનાભાઈ પેથાભાઈ (રહે. લાઠી), ભુપતભાઈ બાલાભાઈ (રહે. રામપર) તથા રણજીતભાઈ સાટાભાઈ (રહે. તાજપર તા. લાઠી)એ સમાન ઈરાદો પાર પાડવા ખેડૂતને મોબાઈલ ફોનમાં ગાળો આપી, ફરસીથી હાથે ઈજા કરી નવ ટાંકા લાવી તથા લાકડી તથા લોખંડના પાઈપ વતી મારમારી ઈજા કરી, ગાળો આપી, ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી, મોબાઈલ કિંમત રૂપિયા ૫,૦૦૦ તથા ફોરવ્હીલ ગાડી નં.જી.જે. –૧૨– ડી.જી. –૨૭૫૮ ની કિંમત રૂ. ૨,૦૦,૦૦૦ ની ઘાડ પાડી, હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હોની ફરિયાદ દામનગર પોલીસમાં નોંધાય છે.

## લાઠીનાં ૨ વ્યકિતઓએ રામપર ગામનાં આધેડ ઉપર હુમલો કરી મારી નાખવાની ધમકી આપી

અમરેલી, તા. ૨૫

લાઠી ગામે રહેતા ભોળાભાઈ મેઘાભાઈ મેર તથા ધનાભાઈ પેથાભાઈ ભુવા નામના આરોપીઓએ લાઠી તાલુકાના રામપર ગામે રહેતા દેહુરભાઈ રામભાઈ મેર નામના ૫૦ વર્ષીય આધેડના ઘરે હથિયાર સાથે અપપ્રવેશ કરી આરોપીઓએ નવાગામ ખાતે ઘના માતાજીને માર મારી તેમની ફોરવ્હીલ ગાડી અને મોબાઈલ આરોપીઓ લઈ આવ્યા હોય જે ગાડી તથા મોબાઈલ આધેડના ઘરે સાચવવાનુ કહેતા આધેડે સાચવવાની ના પાડતા તથા અગાઉનુ મનદુખ હોય જેના કારણે આરોપીઓ એકદમ ઉશ્કેરાય જઈ આરોપી નં.૧ નાએ ''આજ તો તને ઠાર મારી નાખવો છે'' તેમ કહી આધેડને જાનથી મારી નાખવાના ઈરાદે તેના હાથમા રહેલ કુહાડી વડે માથાના ભાગે જીવલેણ ઘા મારી તેમજ બીજા આરોપીએ વાંસાના ભાગે પાઈપના આડેધડ ઘા મારી તેમજ કુહાડીનો એક ઘા ડાબી આંખ પાસે તેમજ એક ઘા જમણી આંખ પાસે મારી દીધેલ. આ દરમ્યાન અધેડાના દીકરા સાહેદ સિધ્ધાર્થ આવી વચ્ચે પડતા આરોપીએ સિધ્ધાર્થને માથાના ભાગે એક ઘા પાઈપનો મારી દેતા આધેડ પોતાના દીકરા સિધ્ધાર્થને બચાવવા જતા આરોપીએ આધેડને પાઈપનો એક ઘા ડાબા હાથની કોણી નીચે મારી દઈ બન્ને આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ આધેડને તથા સાહેદને કુહાડી તથા પાઈપ વડે માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તથા મુંઢ ઈજાઓ કરી ગાળો તથાજાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ લાઠી પોલીસમાં નોંધાઈ છે.


**મકાન વેચવાનું છે**
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ





સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**તક ને તેડા ના હોય...**
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર ▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા કાનની તપાસ
☛ વડીલો માટે કાનના આધુનિક મશીનમાં વિશેષ છૂટ
☛ કોકલીયર ઈમ્પ્લાન્ટ : ઓપરેશન વિશે સંપૂર્ણ માર્ગદર્શન, મેપિંગ, સ્પીચ થેરાપી તથા મશીન રીપેરીંગની સુવિધા
☛ પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય





કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮
















### બાબરા પોલીસ સ્ટેશનનાં મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા

# મોટા દેવળીયા નજીક વિહામો ગૃહ 'વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમ'ની મુલાકાત લેવાઈ

## નાસ્તો કરાવીને વાર્તાલાપ કરવામાં આવ્યો

બાબરા, તા.૨૫, હાલ ગુજરાત સરકાર દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી યોજના તેમજ સિનિયર સિટીઝન યોજના તમામ પોલીસ સ્ટેશનમાં કાર્યરત છે.

જે અંતર્ગત બાબરા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા તમામ મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા રોજ બાબરા તાલુકા વિસ્તારમાં ફુલઝર ગામ નજીક આવેલ "વિહામો ગૃહ" નામનાં વૃદ્ધાશ્રમ તથા અનાથાશ્રમની મુલાકાત લેવામાં આવેલ તેમજ મુલાકાત દરમિયાન અનાથાશ્રમમાં રહેતા કુલ ૩૫ બાળકોને મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા નાસ્તો કરાવવામાં આવેલ તેમજ વૃદ્ધાશ્રમમાં રહેતા કુલ–૨૧ સિનિયર સિટિઝનની મુલાકાત



લીધેલ તેમજ તેમની સાથે વાતચીત કરી તેમની તકલીફો જાણી જરૂરી મદદ કરવા ખાત્રી આપેલ તેમજ મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા લીધેલ મુલાકાત બાબતે સંસ્થાનાં સંચાલક ફાધર રોય દ્વારા પોલીસ સ્ટેશનને શુભેચ્છા આપવામાં આવેલ.

### જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઇ બસિયાના અધ્યક્ષસ્થાને

# બાબરામાં શહેર ભાજપ દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતિની ઉજવણી

## પાલિકા પ્રમુખ સહિતના આગેવાનોએ પુષ્પાજંલિ અર્પણ કરી

બાબરા, તા. ૨૫

બાબરા શહેર ખાતે શળ માળીયા દાદાના સાનિધ્યમાં શહેર ભાજપ દ્વારા પંડિત દીનદયાળ જીના જન્મજયંતિ પર પુષ્પાજંલિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસીયાના અદયક્ષ સ્થાને આયોજિત આ કાર્યક્રમમાં શહેરભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, બાબરા શહેર મહામંત્રી બીપીનભાઈ રાદડિયા, બાબરા નગરપાલિકા પ્રમુખ લલિતભાઈ આંબલિયા, ઉપપ્રમુખ વસંતભાઈ તેરૈયા, કારોબારી



સમિતિના ચેરમેન ભુપતભાઈ બસિયા, અલ્તાફભાઈ નથવાણી, સુરેશભાઈ ભાલાળા, મનીસભાઈ ગોહેલ, નિયુકત પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ પિન્ટુભાઈ જસાણી તેમજ પાલિકાના ચૂંટાયેલા સભ્યો અને બાબરા શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો સૌ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આગામી લોકસભાની ચુંટણીને લઈને કોંગી હાઈકમાન્ડ દ્વારા

# અમરેલીના પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીને ગાંધીનગર, પાટણ, પોરબંદર અને જામનગરની જવાબદારી

## અમરેલી, સુરેન્દ્રનગર અને ભાવનગરની જવાબદારી અમિત ચાવડાને

અમરેલી, તા.૨૫

અખીલ ભારતીય કોંગ્રેસ સમિતિનાં મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારી મુકુલ વાસનીકજી ગુજરાતનાં બે દિવસીય સંગઠનની બાબતે પ્રવાસે છે. પ્રથમ દિવસે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં વરિષ્ઠ આગેવાનો, કોંગ્રેસનાં પુર્વ પ્રમુખ અને પુર્વ વિપક્ષ નેતાઓ સાથે વિસ્તૃત બેઠક યોજાઈ હતી. જેમાં લોકસભા ચુંટણીમાં સિનિયર નેતાઓની જવાબદારી નકકી કરવામાં આવી હતી. જે અંતર્ગત કોંગ્રેસપક્ષના વરિષ્ઠ આગેવાનો, પુર્વ પ્રમુખઓ, જે તે લોકસભા બેઠકનો પ્રવાસ કરશે અને ત્યાની સ્થાનિક પરિસ્થિતિ, સંગઠનની અસરકારતા, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન સહિત વિવિધ કાર્યક્રમો અંગે બેઠકો યોજશે. આગામી સમયમાં સંગઠનનાં કાર્યક્રમો એન સંગઠન નિમણુંક પર ચર્ચા કરાઈ હતી. કોંગ્રેસ પક્ષનાં વરિષ્ઠ આગેવાનોને લોકસભાની બે થી ત્રણ બેઠકની જવાબદારી સોંપવામાં આવી છે. જયાં તે લોકસભા બેઠકોમાં તાત્કાલીક પ્રવાસ કરશે અને સ્થાનિક આગેવાનો સાથે લોકસભાની આગામી ચુંટણી પ્રક્રિયા, સંગઠન, સ્થાનિક સામાજીક સમિકરણો અને સ્થાનિક પ્રશ્નો, પક્ષનાં કાર્યક્રમો, પ્રજાકીય આંદોલનો અંગે ગહન પ્રવાસ કરશે. ત્યારબાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખને સંપુર્ણ અહેવાલ આપશે. રાજયની હાલની સ્થિતિ અને લોકસભા ચુંટણી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. સિનિયર આગેવાનોએ આગામી લોકસભાની ચુંટણીને લઈ તેમનાં સુચનો રજુ કર્યા હતા.ગુજરાતના કોંગ્રેસ સંગઠનનાં ૩૩ જિલ્લા અને ૮ શહેરોનાં પ્રમુખઓ સાથે રાજીવ ગાંધી ભવન ખાતે બેઠકમાં માર્ગદર્શન આપતા અખિલ





ભારતીય કોંગ્રેસ સમિતિનાં મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારી મુકુલ વાસનીકજીએ જણાવ્યું હતું કે, શહેર જિલ્લાનાં પ્રમુખ તરીકેની જવાબદારીનું વિશેષ મહત્વ છે. પક્ષનાં કાર્યક્રમોને સફળ બનાવવા માટે નિરાશા ખંખેરીને આગળ વધવાનું છે. પક્ષનાં સંગઠનને વિસ્તૃત બનાવીને જવાબદારીની વહેંચણી કરવી પડશે. જિલ્લા તાલુકા વચ્ચે સંગઠનમાં તાલમેલ જરૂરી છે. કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય નેતા રાહુલજીએ કાશ્મીરથી કન્યાકુમારી સુધી ૪૦૦૦ કિ.મી.જેટલી પદયાત્રા કરીને ઐતિહાસિક રેકર્ડ બનાવ્યો છે. આપ સૌ શહેર જિલ્લાનાં સંગઠનના વડા તરીકે સ્થાનિક મુદાને લઈને જનસંપર્ક અભિયાનને પદયાત્રાના માધ્યમથી વેગવંતુ બનાવશો તો સફળતા નિશ્વીત મળશે. પક્ષમાં નિષ્ઠાપુર્વક કામ કરનારને મહત્વ મળશે અને જે લોકો સંગઠનમાં જવાબદારી હોવા છતાં પક્ષનાં કાર્યક્રમ માટે સમય આપી શકતા નથી અથવા તો આપવા માંગતા નથી તેઓને જવાબદારીમાંથી મુકત કરીને નવા લોકોને તક આપશે. જવાબદારી સોથ જવાબદેહી પણ નકકી કરાશે. ૩૩ જિલ્લા અને ૮ મહાનગરોનાં સંગઠનના પ્રમુખઓ સાથેની બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, સંગઠનમાં સોંપાયેલ વિવિધ જવાબદારી માટે સમયમર્યાદા નકકી કરી છે હાથ સે હાથ જોડો અભિયાનની સભ્ય નોંધણી ઝુંબેશ માટે સોંપાયેલી કામગીરી સત્વરે પુર્ણ કરવી જરૂરી છે. સ્થાનિક પ્રશ્નો સાથે વધુમાં વધુ જનસંપર્ક અભિયાન અસરકારક બનાવવા માટે પણ બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો હતો.

તાજેતરમાં નર્મદાના પુરથી નર્મદા, ભરૂચ અને વડોદરા જિલ્લામાં ભારે નુકશાન થયું છે. સરકારે નજીવી સહાય કરીને અસરગ્રસ્તોની મશ્કરી કરી છે. ત્યારે અસરગ્રસ્તોને પુરતુ વળતર મળે તે માટે કોંગ્રેસ પક્ષ તમામ લડાઈ લડશે.

વિધાનસભા કોંગ્રેસપક્ષનાં નેતા અમિત ચાવડા, ઉપનેતા શૈલેષભાઈ પરમાર, એ.આઈ.સી.સી.નાં મંત્રી રામકિશન ઓઝા, ઉષા નાયડુ, બી.એમ.સંદીપ કાર્યકારી પ્રમુખઓ બેઠકમાં ઉપસ્થિત રહયા હતા.

| નામ | લોકસભા ક્ષેત્રની જવાબદારી | | | |
|---|---|---|---|---|
| શકિતસિંહ ગોહિલ | છોટા ઉદેપુર | ભરૂચ | – | – |
| જગદીશભાઈ ઠાકોર | અમદાવાદ પુર્વ | અમદાવાદ પશ્ચિમ | સાબરકાંઠા | – |
| સિધ્ધાર્થભાઈ પટેલ | ખેડા | આણંદ | મહેસાણા | – |
| અર્જુનભાઈ મોઢવાડીયા | બનાસકાંઠા | રાજકોટ | જુનાગઢ | કચ્છ |
| ભરતસિંહ સોલંકી | પંચમહાલ | વડોદરા | નવસારી | સુરત |
| અમિતભાઈ ચાવડા | ભાવનગર | અમરેલી | સુરેન્દ્રનગર | – |
| પરેશભાઈ ધાનાણી | ગાંધીનગર | પાટણ | પોરબંદર | જામનગર |
| સુખરામભાઈ રાઠવા | દાહોદ | બારડોલી | વલસાડ | – |

### બાબરા નજીક આવેલ

# અમરાપરા ખાતે આસ્થાભેર જળ જીલણી એકાદશીની ઉજવણી

## ભાવિકજનો દ્વારા નગરયાત્રા યોજાઇ





બાબરા, તા. ૨૫

બાબરા તાલુકાના અમરાપરા ખાતે શ્રી રામજીમંદિર ખાતે જળ જિલણી એકાદશીની ઉજવણી કરવામાં આવી હતી. અહીં સવારે ભગવાન શ્રીકૃષ્ણને પાલખીમાં બેસાડી વાજતે ગાજતે અહીં પંચકુંડ ખાતે લાવવામાં આવ્યા હતા. અહીં ભગવાનની વિધિવિધાન સાથે સ્નાનવિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ ધૂન, ભજન સાથે સમગ્ર અમરાપરા અને બાબરામાં ભગવાન શ્રીકૃષ્ણની નગરયાત્રા કાઢવામાં આવી હતી. જેના દર્શનનો લાભ શહેરના નગરજનોએ મેળવી ધન્યતા અનુભવી હતી.

# વડિયા : સરકારી હોસ્પિટલ ખાતે બલડ ડોનેશન કેમ્પ યોજાયો





વડિયા, તા.૨૫

આયુષ્માન ભવ અભિયાન ના ભાગરૂપે વડિયા સરકારી હોસ્પિટલ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં જિલ્લા પંચાયત શાસકપક્ષ નેતા વિપુલભાઈ રાંક કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ પરસોતમભાઈ હીરપરા,કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, સરપંચ ખડખડ, ગીરીશભાઈ ગજેરા, રમેશભાઈ રાંક, અને પદાધિકારીઓ દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ડો.અધિક્ષક એમ.સી. ગજેરાડો પ્રતાપ જાંબુચા ડો.ભાર્ગવ વ્યાસ જયેશભાઈ સાવલિયા વિપુલભાઈ ધોરાજીયા,કુંકાવાવ તાલુકા હેલ્થ ઓફિસ સ્ટાફ અને આરોગ્ય સ્ટાફ દ્વારા આ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેને લોકો દ્વારા બહોળો પ્રતિસાદ મળ્યો હતો. શાંતાબા મેડિકલ કોલેજના સહયોગથી આયોજિત આ શિબિરમાં કોલેજિયન, યુવાનોએ સ્ત્રીઓ,રક્તદાન કરી સામાજિક ચેતનાનું જીવંત ઉદાહરણ પૂરૂ પાડયું.

# વીજપડી ગામે હુસૈનભાઈ પઠાણનું સન્માન કરાયું





સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે વિવિધ રાજકીય, સામાજિક અને વેપારી અગ્રણીઓ દ્વારા મોરબી પુલની ઘટનામાં બચાવ કરનાર હુસૈનેભાઈ પઠાણનું શાલ ઓઢાડી સન્માન કરેલ હતુંતાજેતરમાં મોરબીનો પુલ તૂટી જવાની ગંભીર ઘટનામાં પોતાના જાનની પરવા કર્યા વિના માનવ જિંદગીને બચાવવા માનવતા ધર્મ રૂપે ૫૦ જીવતાને બચાવ્યા તેમજ ૧૦૦ આસપાસ ડેટ બોડીને કાઢી સુંદર અને પ્રસંશનીય કામગીરી કરનાર મુસ્લિમ યુવાન હુસૈન પઠાણની સરાહનીય કામગીરીની કદરરૂપે હુસૈનભાઈ પઠાણનું સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આવેલ રાજુલા રોડ ઉપર મીઠુંભાઈના ડેલામાં વીજપડીના માજી ઉપ સરપંચ ભોળાભાઈ બલદાણીયા, માજી ઉપ સરપંચ મુકેશભાઈ રાઠોડ, અગ્રણી શૈલેષભાઈ ડોડીયા, આમ આદમી પાર્ટીના અગ્રણી કિરીટસિંહ રાજપૂત, પ્રફુલભાઈ નગડીયા, યુનુસભાઈ પોહર, ઠાકોર સેનાના અગ્રણી સંજય વાઘેલા, પૂર્વ સરપંચ યાકુબભાઈ રસભર્યા વિગેરે અગ્રણીઓએ શાલ ઓઢાડી સન્માન કરેલ હતું. આ સન્માન સમાંરભના સુંદર મજાના કર્યકર્મ નું આયોજન વીજપડી વિકાસ સમિતિએ કરેલ હતું.આ કાર્યક્રમમાં પધારેલા મહેમાનોનું સ્વાગત અને સરભરા ઈકબાલભાઈ મંડપવાળા એ કરેલ હતું.

### પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જયંતિ નિમિત્તે

# સાવરકુંડલા : ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાનાં કાર્યાલય ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો

## ભાજપનાં સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા શહેરમાં આવેલ અમરેલી જિલ્લા ભાજપ ઉપાપ્રયક્ષ સુરેશ પાનસુરીયાના જનસેવા કાર્યાલય ખાતે વોર્ડ નંબર ચારના કાર્યકર્તાઓ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો.

ત્યાગ અને તપસ્યાનું મૂર્ત સ્વરૂપ, અખંડ માનવતાવાદ અને અંત્યોદયના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જયંતી નિમિત્તે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયાના જનસેવા કાર્યાલય ખાતે વોર્ડ નંબર. ૪ ના કાર્યકર્તાઓ દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલા નગરપાલિકા સદસ્ય પતિ ભાવેશભાઈ કવા, ભુપતભાઈ પાનસુરીયા, જીગ્નેશભાઈ ટાંક, શહેર યુવા ભાજપ મહામંત્રી ધર્મેન્દ્રભાઈ જોષી, ભાજપ અગ્રણી પ્રકાશભાઈ મૈસુરીયા, શહેર યુવા ભાજપ અગ્રણી દેવર્ષિ બોરીસાગર સહિતના કાર્યકર્તાઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી





સાદર વંદન કરવામાં આવ્યા હતા.

આ તકે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પંડિત દીનદયાજીની ઉચ્ચ વિચારસરણી, ભારતીય સંસ્કૃતિ પરનું વિશ્લેષણ તેમજ આદર્શ સમાજની સમસ્યાઓ પરના તેમના પ્રવચનો આજે પણ ભારતીય રાજકારણમાં માર્ગદર્શન આપે છે.

# લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન તથા લેઉવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી

અમરેલી, તા.૨૫

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન તથા લેઉવા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે અટલપાર્ક, રેલ્વે ફાટક પાસે, શીતલપાર્લર ખાતે તા. ૧૯/૯/૨૦૨૩ થી તા. ૨૭/૯/૨૦૨૩ સુધી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. દરરોજ સવારે ગણેશજીની પુજા વંદના કરવામાં આવે છે. આખા દિવસ દરમ્યાન નગરજનો ગણેશજીનાં દર્શન કરી શકે છે. રાત્રીનાં ગણેશજીનાં આરતી લાયન્સ કલબના સદસ્યો દ્વારા તેમજ દરરોજ અલગ અલગ વિવિધ સંસ્થાઓ જેવી કે બહેરામૂંગા સ્કુલનાં બાળકો મહીલા વિકાસ ગૃહની બળાઓ, ધારાસભ્ય દડક કૌશિકભાઈ વેકરીયા, મુકેશભાઈ સંઘાણી, શરદભાઈ ધાનાણી, નગરપાલિકા આગેવાન, જિલ્લા પંચાયત પદાધિકારીઓ, આગેવાન, દીકરાનું ઘર, શહેરનાં પ્રતિષ્ઠીત નગરજનો વગેરે દ્વારા આરતી થાય છે. તેમજ લેઉવા ચેરીટેબલ ટ્રસ્ટનાં





સદસ્યઓ, વેપારી અશોશીએશન, ડોકટરો, વકીલઓ, મામલતદાર તેમજ કલેકટર ઓફીસના સ્ટાફ અધિકારઓ ભાગ લનાર છે. કલબનાં પ્રમુખ કૌશિક હપાણી, સંસ્થાનાં દિનેશ ભુવા, અને તેની ટીમ દરેક લાયન્સ મેકવર તથા લઉવા ટ્રસ્ટનાં સદસ્યઓ આ મહોત્સવ ઉજવવા ભારે મહેનત કરે છે.લા.રાજુભાઈ પાઠક કલબ યાદીમાં જણાવે છે.


# સાવરકુંડલા ખાતે ગણેશોત્સવ અંતર્ગત નાટય કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા. તા.૨૫

સાવરકુંડલા શહેરમાં જેસરરોડ સ્થિત ગીતાંજલિ સોસાયટી ખાતે ગણેશ ઉત્સવ નિમિત્તે નાટય કાર્યક્રમ યોજાયો હતો જેમાં માનવ ભાવેશભાઈ યાદવે નારદ મુનિની ભૂમિકા આબાદ રીતે ભજવી હતી. નારાયણ.. નારાયણ.. નારાયણ.. પ્રભુ... પૃથ્વી લોક પર...... ત્રાહિમામ.. ત્રાહિમામ....

સાવરકુંડલા શહેરમાં જેસર રોડ, સ્થિત ગીતાંજલી સોસાયટી વોર્ડ નં.૮માં ગણેશ ઉત્સવ ઉજવાય રહ્યો છે ત્યારે ન નાટય કાર્યક્રમ યોજાયો પણ યોજાયો હતો જે નાટયકાર્યક્રમમાં નારદ મુનીનુ પાત્ર કરનાર (માનવ ભાવેશભાઈ યાદવ) કે પાંચમા ધોરણ અભ્યાસ કરી રહ્યો છે. તેમણે આબાદ રીતે ભજવેલ. આમ તો માનવની હજુ બાળવય છે પરંતુ કૌશલ્ય અને કલાએ તો કુદરતી બક્ષિસ હોય નારદની ભૂમિકા ખૂબ સરસ રીતે ભજવી હતી. આ નાટય કાર્યક્રમને નિહાળવા માટે આ વિસ્તારના બાળકો બહેનો તેમજ વડીલોએ ખાસ ઉપસ્થિતિ રહી અને આ કાર્યક્રમને મનભરીને માણ્યો અને બિરદાવ્યો પણ હતો.





''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# અમરેલીમા માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ હોકી સ્પર્ધામાં પ્રથમ સ્થાને

## પાંચ વિદ્યાર્થીનીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમમાં પસંદગી મેળવી

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજની હોકી ટીમ તાજેતરમાં તા.૧૭/૯/૨૦૨૩ ના રોજ રાજકોટ મુકામે આયોજીત બહેનો માટેની હોકી સ્પર્ધામાં સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સતત ત્રણ મેચમાં વિજેતા થઈને પ્રથમ સ્થાને વિજેતા બની, ચેમ્પિયન ટ્રોફી મેળવી સમગ્ર અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. પાંચ વિદ્યાર્થીનીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમમાં સિલેકટ થયેલ છે. જે આગામી દિવસોમાં ઈન્ટર યુનિવર્સિટી લેવલે રમવા માટે જશે. જેમાં ૧ બગડા વૈશાલી મનોજભાઈ (કેપ્ટન) ૨.સોલંકી ભૂમિ રમેશભાઈ, ૩.ખાન હુસીનાં સફિમહમદ, ૪.ડાભી ભૂમિકા કિશોરભાઈ, ૫.સોસા પારૂલ પ્રવિણભાઈ (ગોલકીપર)



મોંઘીબા મહિલા કોલેજની હોકી ટીમમાં ૧૬ વિદ્યાર્થીનીઓમાં ઉપર મુજબની પાંચ સિવાય ૧૧ બહેનોએ પણ ખુબ જ ઉત્કૃષ્ટ સહભાગીતા કરી ટીમને વિજેતા બનાવેલ છે. જેમાં ભાસ્કર ક્રિષ્ના રાજેશભાઈ, કામળિયા ગનું મેપાભાઈ, કોલડિયા અસ્મિતા સુરેશભાઈ, નકુમ અસ્મિતા લાલજીભાઈ, લાલૈયા અવનિ હસુભાઈ, મકવાણા હિરા પંકજભાઈ, રાઠોડ જયોતિ વલકુભાઈ, સોલંકી દયા કિશોરભાઈ, સોલંકી નિશા પ્રવિણભાઈ, ઝાખરા સીમા બશીરભાઈ, મકવાણા મિતલ પ્રવિણભાઈ પ્રશંનીય સફળતા મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધારવા બદલ તમામ વિદ્યાર્થીનીઓ તથા સઘન તાલિમ અને માર્ગદર્શન આપનાર પી.ટી.આઈ. ડો.જયશ્રીબેન મકવાણા, ટ્રેનર રણછોડભાઈને અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મનેજિંગ ટ્રસ્ટી ડો.જે.બી.જસાણી, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખુંટ, ઈન્ચાર્જ પ્રિન્સિ. ડો.બી.આર.ચુડાસમા, સમગ્ર મોંઘીબા મહિલા સ્ટાફ મેમ્બર્સ અને સમગ્ર વિદ્યાર્થીનીઓ તરફથી ખુબ ખુબ અભિનંદન આપવામાં આવ્યા છે. સમગ્ર જિલ્લામાંથી આ સફળતાને વધાવવામાં આવી છે. આગામી સ્પર્ધા માટે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થયો

# ઉનાનાં મેણગામે એક યુવકે ગુપ્તી વડે બર્થ-ડે કેકનું કટિંગ કર્યુ

## નિયમોનો ઉલાળીયો થતા નોંધાઇ પોલીસ ફરિયાદ

ઉના, તા. ૨૫

ઉના તાલુકા વિસ્તારમાં જન્મદિવસ પર હથિયારો વડે કેક કાપવી તેમજ દારૂની મહેફીલો માણવી જાણે ફેશન બની ગઈ હોય તેમ યુવકો નિયમોના ધજાગરા ઉડાવતા હોય છે તેવા અનેક કિસ્સાઓ ભૂતકાળમાં પ્રકાશિત થઈ ચૂકયા છે ત્યારે ઉનાના મેણ ગામે રહેતા ધીરૂ અરશીભાઈ સોલંકીનો જન્મદિવસ હોય ત્યારે મેણ ગામના બસ સ્ટેશનમાં આવેલ બાપા સીતારામની મઢુલીએ આ યુવકે જાહેરમાં છરી તેમજ ગુપ્તી વડે કેક કાપી જન્મદિવસની ઉજવણી કરી સોશિયલ મીડિયામાં ફોટા વિડિયો વાયરલ કરતા ગામના જાગૃત નાગરિક દ્વારા આ યુવકો વિરૂદ્ધ કાર્યવાહી કરવા રજૂઆત કરતા છરી તેમજ ગુપ્તી વડે જન્મદિવસની ઉજવણી કરનાર ધીરૂ અરશીભાઈ સોલંકી તથા રાકેશ લાખા ગોરડીયા રહે. મેણ તા. ઉના વાળાઓ વિરૂદ્ધ ઉના પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## આગામી સોમવાર સુધી લાભ લઈ શકાશે

# અમરેલીમાં શ્રીધર અતુલકુમારની આયુર્વેદ હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે મેગાનિદાન કેમ્પ શરૂ

## દર્દીનારાયણને લાભ લેવા અનુરોધ થયો

અમરેલી, તા.૨૫

શ્રીધર અતુલકુમાર જાની આયુર્વેદ હોસ્પિટલ ધારી રોડ અમરેલી ખાતે તા.૨૫/૯/૨૦૨૩ સોમવાર થી તા.૦૨/૧૦/૨૦૨૩ સુધી વિનામૂલ્યે આયુર્વેદ નિદાન સારવાર દવાઓનો કેમ્પ રાખવામાં આવેલ છે. જાહેરજનતાને આ વિનામૂલ્યે નિદાન સારવાર કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં તાવ,શરદી, ઉધરસ, મેલેરિયા, બીપી,ડાયાબિટીસ, હૃદયરોગ, લીવરનાં રોગ, કિડનીના રોગ, ગેસ, વાયુ, એસિડિટી, કબજિયાત તથા પંચકર્મ સ્નેહન (માલિશ), સ્વેદન(શેક) કરવામાં આવશે.

તદઉપરાંત હરસ, મસા, ભગંદર, ફીશર, ગ્રંથિના ઓપરેશન, કર્ણસંધાન, પથરી, સારણગાંઠ, તથા દાતનાં રોગો, દાંત ખેંચવા, દાંત સાફ કરવામાં આવશે.

તેમજ મહિલાઓ માટે સફેદ પાણી પડવા, માસિકની અનિયમિતતા, વયંધત્વ ગર્ભાશયની ગાંઠ ઓવેરિયન સીસ્ટ પીસીઓડી, નબળાઈ, લોહીનાં ટકા ઓછા, ઉપરોકત કેમ્પમાં વિનામૂલ્યે દાખલ થવાની તથા રહેવાની અને જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

ઉપરોકત નિદાન કેમ્પમાં જે તે રોગનાં એમ.ડી.આયુર્વેદ નિષ્ણાંત પોતાની સેવા આપશે.

## ૨૬ સપ્ટેમ્બર : વિશ્વ પર્યાવરણીય સ્વાસ્થ્ય દિવસ



જળ, જંગલ, જમીન, જનાવર આ ચારેય વગર કુદરતની કલ્પના કરવી અશકય છે. જંગલ છે તો વન્ય જીવ છે. જળ છે તો જળીય જીવોનું અસ્તિત્વ છે અને આપણા માટે તો જળ એ જ જીવન છે. વિમાં સૌથી સમૃદ્ધ દેશ એ જ છે જયાં જળ , જંગલ, જમીન અને જનાવર પર્યાપ્ત માત્રામાં હોય. આપણો દેશ નદીઓ, જંગલ અને વન્ય જીવ માટે વિભરમાં પ્રસિદ્ધ છે. પ્રકૃતિ સુરક્ષિત રહેશે ત્યારે જ જીવન ટકી રહેશે અને પ્રકૃતિ પ્રત્યેની જાગરૂકતાના હેતુથી દર વર્ષે સપ્ટેમ્બરે ''વિશ્વ પર્યાવરણીય સ્વાસ્થ્ય દિવસ'' મનાવવામાં આવે છે. વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદાજુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે.

એમના સ્થાને ક્યારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરૂણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર,આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાઈ શકે છે, પણ પ્રાણીઓ ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓનાં નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા, એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાનાં કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં, વિસ્તારમાં ઘુસણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુસણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.

વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસનો હેતુ પ્રકૃતિનાં સંરક્ષણ માટે જરૂરી પગલાં લેવાનો છે. પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વાર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. કુદરતનું સંવર્ધન કરવા માટે કાયમી વિવિધ ઉપાયો કરતા રહેવું જરૂરી છે.

- જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ.
- પાણીનો બગાડ ન કરવો જોઈએ.
- જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જમીન પ્રદૂષણ, પ્રવનિ પ્રદૂષણને ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ.
- પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીને કાપડની થેલીઓનો ઉપયોગ કરવો જોઈએ.
- વીજળી, પેટ્રોલ - ડીઝલ બચાવવું જોઈએ.
- કુદરત સાથે સકારાત્મક સંબંધ ધરાવતી ટેક્નિક્સ તથા એસેસરીઝનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, ખેતરમાં ફર્ટીલાઈઝરની જગ્યાએ જૈવિક ખાતરનો ઉપયોગ કરો.

**- મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# સરંભડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા.૨૫

વાંકિયા આરોગ્ય કેન્દ્ર અને સરંભડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સંયુકત ઉપક્રમે સરંભડા ગામે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો વિવિધવત પ્રારંભ સરંભડા ગામનાં મહાનુભાવો સર્વ દલસુખભાઈ દુધાત, મોટાભાઈ સંવટ તથા રવજીભાઈ ગઢીયાની ઉપસ્થિતમાં કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં કર્મચારીઓ સર્વ વંદનાબેન દેવમુરારી, કૈલાસબેન દાફડા, વિનોદભાઈ બારૈયા, દિપ્તીબેન હરિયાણીએ દર્દીઓને તપાસીને દવા તથા જરૂરી માર્ગદર્શન આપેલ હતું. નિદાન કેમ્પમાં બહોળા પ્રમાણમાં ડાયાબિટીસ, બી.પી.તથા અન્ય પ્રકારની બિમારીનાં દર્દીઓએ હાજર રહી નિદાન કરાવીને માર્ગદર્શન મેળવ્યું હતું.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં જન્મદિને

# અમરેલી ખાતે નરેન્દ્ર મોદી મંચ દ્વારા મહામૃત્યુંજય મંત્રનો યજ્ઞ યોજાયો

## ભાજપના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૩માં જન્મ દિવસ નિમિતે નરેન્દ્ર મોદી વિચાર મેચ આઈ.ટી.સેલ અમરેલી જિલ્લા દ્વારા બ્રાહ્મણ સોસાયટી ખોડીયાર મંદિર ખાતે પ્રધાનમંત્રીનાં દીર્ઘ આયુષ્ય તેમજ નિરોગી રહે તેમજ ૨૦૨૪માં ફરી દેશનાં વડાપ્રધાન બને એ એ માટે મહાતૃત્યુજયના જાપ અને લઘુરૂદ્ર યજ્ઞ કરવામાં આવેલ હતો. તેમજ નરેન્દ્ર મોદી વિચાર મંચ (આઈટી સેલ) નાં રાજદીપ ધાધલ, વિપુલ દવે, ગૌરાંગ મહેતા (અજય કાલેણા) સહિત ટીમ યજમાન બની આહુતિ આપેલ હતી.



આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, અમર ડેરી વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળિયા, જિલ્લા ભાજપ મંત્રી જયેશભાઈ ટાંક, જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ રાજુભાઈ ભૂતૈયા, બક્ષીપંચ મોરચા પ્રદેશ મંત્રી મયુરભાઈ માંજરીયા, પ્રદેશ યુવા ભાજપ ઉપાધ્યાય મનીષભાઈ સંઘાણી, નગર પાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, નગર પાલિકા કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, નગર પાલિકા દંડક દિલાભાઈ વાળા સહિત નગરપાલિકાના સદસ્ય નિલેશભાઈ ધાધલ, તેમજ યોગેશભાઈ ગયાત્રા અને ભગીરથભાઈ ત્રિવેદી તેમજ મહિલા મોરચાનાં બહેનો હાજર રહેલ હતા.

# સાવરકુંડલા ખાતે તાલુકા કક્ષાનું ગણિત, વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



સાવરકુંડલા, તા.૨૫

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં માર્ગદર્શન મુજબ સાવરકુંડલા ખાતે તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું જેમાં કલસ્ટર કક્ષાએ પ્રથમ આવેલ કુલ-૫૫ કૃતિઓ સાથે બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો. આ કાર્યક્રમનું ઉદઘાટન નાયબ જિલ્લા પ્રા.શિ.સોલંકી, અને તાલુકા વિકાસ અધિકારી પંરમાર દ્વારા કરવામાં આવેલ સાથે જિલ્લા પ્રા.શી.સંઘનાં અધ્યક્ષ મહેન્દ્રભાઈ વીંછીયા, તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય દક્ષાબેન અને ટી.પી.ઈ.ઓ. નરેન્દ્રભાઈ ઉપસ્થિત રહી પ્રદર્શન નિહાળી બાળ વૈજ્ઞાતિકો અને માર્ગદર્શક શિક્ષકોને પ્રોત્સાહન કર્યા. સાથે મહાનુભાવો અને બાળ વૈજ્ઞાનિકોના હસ્તે ગણિતને સરળરીતે શીખવી શકાય એવું તાલુકાના ગણિત વિજ્ઞાનનાં શિક્ષકો અને બી.આર.સી. દર્શનાબેન જોશીનાં માર્ગદર્શન નીચે તૈયાર થયેલ પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું સાથે સાવરકુંડલાની તમામ પ્રાથમિક શાળાઓનાં બાળકોએ પ્રદર્શન નિહાળ્યુ અને વાલીઓ, વિદ્યાર્થીઓ અને વૈજ્ઞાનિક રસ ધરાવતા શહેરનાં જિજ્ઞાશું લોકો દ્વારા પણ પ્રદર્શન નિહાળવામાં આવ્યું અને બાળવૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા.

સમગ્ર કાર્યક્રમનાં આયોજનમાં તાલુકાનાં તમામ સી.આર.સી.કો.ઓ. અને આઈ.ઈ.ડી.શિક્ષકો દ્વારા ખુબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી અને આ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન અને માર્ગદર્શન બી.આર.સી.કો.ઓ. દર્શનાબેન જોશી દ્વારા આપવામાં આવેલ અને ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર અને શિલ્ડ એનાયત કરવામાં આવ્યા આ તકે સાવરકુંડલા તાલુકા શિક્ષણ વિભાગ વતી બી.આર.સી.''સદભાવનાં ગ્રૃપ'નો પણ આભાર માનેલ અને તેઓને વ્યવસ્થામાં સહયોગ આપવા બદલ સમગ્ર બી.આર.સી. પરિવાર વતી તેઓને અભિનંદન પાઠવેલ.

# લાઠી : ૨૮ સપ્ટેમ્બરે ગાંધીનગર સાહિત્ય સભાનાં ૭૦ સદસ્યો કલાપી તીર્થની મુલાકાત લેશે

## સ્થાનિક કવિઓ અને કલાપી પરિવાર સાથે પણ બેઠક-વાર્તાલાપ યોજાશે

અમરેલી, તા.૨૫

રાજયનાં પાટનગર ગાંધીનગરમાં વસતા સાહિત્યકારોનું પ્રતિનિધિત્વ કરતી અગ્રણી સાહિત્ય સંસ્થા ગાંધીનગર સાહિત્ય સભાનાં ૭૦ સિતેર જેટલા સાહિત્યકારો, આગામી તા.૨૮/૯/૨૦૨૩ને ગુરૂવારે રાજવી કવિ કલાપી (સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ)ની સ્મૃતિઓને સાચવતા 'કલાપી તીર્થ'ની મુલકાત લેશે.

ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાનાં સંયુકત ઉપક્રમે ગોઠવાયેલ કાર્યક્રમ અનુસાર, તા.૨૮ મીએ 'ગાંધીનગર સાહિત્ય સભા'નાં ૭૦ સાહિત્યકારો બે બસ દ્વારા સવારે ૬ કલાકે ગાંધીનગરથી નીકળી. ૧૨ થી ૧૩ કલાકે ભુરખિયા હનુમાન પહોંચી ૧૩:૧૫ થી ૧૪:૩૦ દરમિયાન 'કલાપી તીર્થ'ની મુલાકાત લેશે. ત્યારબાદ ૧૪:૪૫ થી ૧૬:૩૦ દરમિયાન લાઠી સ્થિત રિસોર્ટમાં સ્થાનિક કવિઓ અને કલાપી પરિવારનાં સદસ્યો મહેન્દ્રસિંહજી ગોહિલ (પ્રપૌત્ર) અને કિર્તિકુમાર સિંહજી ગોહિલ (પ્રપૌત્ર) સાથે વાર્તાલાપ - સંવાદ બાદ એજ દિવસે આ સદસ્યો સૌ ૧૬:૪૫ કલાકે ગાંધીનગર પરત જવા નીકળશે. એમ ગાંધીનગર સાહિત્ય સભા'નાં પ્રમુખ રમેશ ઠકકરે જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર નિવાસી પુર્વ અમરેલી કલેકટર અને 'કલાપી તીર્થ'ના સ્વપ્નદ્રષ્ટા પ્રવિણ ગઢવી કે જેમણે તેમના કાર્યકાળે 'સ્વાન્તઃ સુખાય, પ્રોજેકટ હેઠળ 'કલાપી તીર્થ'ને સાકાર કર્યુ હતું. તેઓએ જ ગાંધીનગર સાહિત્ય સભાને આ પ્રવાસ માટે સુચન કર્યુ હતું અને પોતે આ પ્રવાસમાં જોડાયા પણ છે.

# સાવરકુંડલામાં સદ્ભાવના ગૃપ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં નર્મદાયાત્રા, કાના તળાવ શિવ દરબાર આશ્રમના દર્શન યોજાયા



સાવરકુંડલામાં છેલ્લા ૧૧ વર્ષથી ગણપતિદાદાની અસીમ કૃપાથી અને શિવદરબાર આશ્રમના પ.પૂ.શ્રી ઉષામૈયાના આશીર્વાદથી ગણેશ ઉત્સવ ઉજવાય છે જેમાં આ વર્ષે ગણેશ મહોત્સવ પ્રસંગે ગણપતિ ઉત્સવ દરમિયાન ૫૬ ભોગ દર્શન, ચંદ્રયાન થીમ, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતના ધાર્મિક કાર્યક્રમો ઉજવાય છે. જેમાં પ.પૂ. ઉષામૈયાની ઉપસ્થિતિમાં સદ્ભાવના ગૃપ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં રકતદાન કેમ્પ યોજાયો અને નર્મદાયાત્રા, બાર જયોર્તિલિંગ અને શિવ દરબાર આશ્રમ આબેહૂબ લોકોએ લાઈવ નિહાળ્યું હતું. આ પ્રસંગે માનવ મંદિરના પૂ.ભકિતરામબાપુએ પણ દર્શનનો લ્હાવો લીધો હતો અને મોટી સંખ્યામાં દર્શનાર્થીઓએ દર્શનનો લ્હાવો લીધો હતો. આ પ્રસંગે યોજાયેલ રકતદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રકત બોટલ એકત્રિત કરવામાં આવવામા આવેલ. દરેક રકતદાતાઓને આકર્ષક ગિફટ આપવામાં આવી હતી અને દરેક રકતદાતાશ્રીઓનો સદ્ભાવના ગૃપ દ્વારા આભાર વ્યકત કરવામાં આવેલ. એમ યોગેશ ઉનડકટની યાદીમાં જણાવાયું હતું.

# ચલાલા ખાતે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની સામાન્ય સભા મળી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની ૩૯મી સામાન્ય સભા આજે ચલાળા ખાતે મળી હતી જેમાં અનેક યોજનાઓ સાથે સભાસદો માટે ૧૫% ડિવિડેન્ટરની જાહેરાત કરવામાં આવી. સહકાર મૂર્તિ અરવિંદભાઈ મણિઆરની યાદમાં શરૂ થયેલી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની ૩૯મી સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શરદભાઈ લાખાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ સામાન્ય સભામાં ચલાલા ગાયત્રી પરિવારના રતિદાદા તથા દાનેવ ગામ જગ્યાના ઉદયબાપુ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. ઠક્કરબાપાનગરના ધારાસભ્ય કંચનબેન રાદડિયા સહિતના અનેક સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મંડળીના જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા દ્વારા મંડળીના કુલ ટર્નઓવર ૪.૯૪ અબજ તથા વાર્ષિક ત્રણ કરોડ બાર લાખના નફાની જાહેરાત કરવામાં આવી હતી. મંડળીના એમ.ડી. નીતેશભાઈ ડોડીઆ દ્વારા ચાલુ વર્ષે સભાસદોને સૌથી વધુ ૧૫% આપવાની જાહેરાત કરવામાં આવી હતી જેને સભાસદોએ વધાવી હતી. મંડળીના સ્થાપક ચેરમેન રશ્મિનભાઈ ડોડીઆ દ્વારા મહિલાઓ માટે વધુને વધુ લોન આપવા માટેની વ્યવસ્થા આગામી દિવસોમાં શરૂ કરવા જાહેરાત કરી હતી. આ ઉપરાંત ૨૦,૦૦૦ જેટલા સભાસદો સાથેની આ મંડળીને બેંકો મુજબ બેન્કેબલ યોજનાનો લાભ આપવામાં આવે તેવી દેશમાં સૌ પ્રથમ સરકાર સમક્ષ માંગણી રશ્મિનભાઈ ડોડીઆ દ્વારા કરવામાં આવી હતી. બાજપાઈ વીમા યોજના અંતર્ગત અનેક લાભાર્થીઓને ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નીતેશભાઈ ડોડીઆ તથા આભાર વિધિ ચલાલા શાખાના એમ.ડી. ધ્વારા કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **લીલીયામોટા પંથકમાં દારૂનાં હપ્તા**

પોલીસ ખાતામાં પોલીસ કર્મચારીને ફરજ દરમ્યાન કોઈ પણ પ્રકારની લાંચ લેવી તે કાનુની અપરાધ છે તથા અનાર્મ હેડ કોન્સ. જયસુખભાઈ લખમણભાઈ મકવાણા દ્વારા શિસ્તબધ્ધ પોલીસ ખાતાના કર્મચારીને ન છાજે તેવી નિષ્કાળજી દાખવેલ છે. જેથી, આ અનાર્મ હેડ કોન્સટેબલને તાત્કાલીક અસરથી પોલીસ અધિક્ષકે ફરજ મોકુફી હેઠળ મુકવા હુકમ કરેલ છે. તેઓનું ફરજ મોકુફીનું મુખ્ય મથક જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન નકકી કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી ખાતે ગીર ગાય સંવર્ધન**

સરકારની રાષ્ટ્રીય ગોકુલ મિશન યોજના અંતર્ગત કરવામાં આવશે. આ યોજના થકી પશુપાલકોને અસલ નસ્લની ગીર ગાય ઘર બેઠા પ્રાપ્ત થશે. આ ટેક્નોલોજી નજીકના ભવિષ્યમાં પશુપાલન, ડેરી ઉદ્યોગ અને સહકારી ક્ષેત્રે આમુલ પરિવર્તન લાવશે. રાજય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ બાયોગેસ તથા વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો હતો. ઉપરાંત ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીના વરદ હસ્તે અમર એમ્બ્રિયો ટ્રાન્સફર આઈ.વી.એફ. લેબોરેટરીનો પણ શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રી પરષોતમભાઈ રૂપાલાએ સંબોધતા જણાવ્યું હતુ કે, સમગ્ર દેશમાં આજે સહકારી ક્ષેત્રે પ્રગતિલક્ષી કામગીરી થઈ રહી છે ઉપરાંત આજે સહકારી ક્ષેત્ર મજબૂત બની ચૂકયું છે. આપણી રાષ્ટ્રીય બેંકોએ હવે નફો કરતી બેંકો તરીકેની ઓળખ પ્રાપ્ત કરી છે જેના મૂળમાં દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા હાથ ધરવામાં આવેલ અસરકારક બેંકિંગ સુધારાઓ, નિર્ણયો છે. વધુમાં તેમણે જણાવ્યું કે, આગામી સમયમાં સેન્ટર ઓફ એક્સેલન્સ–એમ્બ્રિયો ટ્રાન્સફર લેબ સાથે આઈ.વી.એફ. લેબોરેટરી ટેક્નોલોજી પશુપાલન, ડેરી ઉદ્યોગ અને સહકારી ક્ષેત્રે ગેમ ચેન્જર સાબિત થશે. વધુ ઉમેરતાં કેન્દ્રીય મંત્રી રૂપાલાએ જણાવ્યું કે, ભારતમાં યોજાયેલ જી–૨૦ સમીટની સફળતા, તાજેતરમાં સંસદમાં સ્પષ્ટ બહુમતીથી પસાર થયેલ મહિલા અનામત બિલ અને ચંદ્રયાન–૩ની સફળતા થકી ભારતે દુનિયામાં પોતાની આન, બાન અને શાન વધારી છે.

રાજય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સંબોધતા જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્ર ગ્રામ્ય કક્ષાએથી ઉભી થયેલ અને શહેરી ક્ષેત્ર સુધી વિસ્તાર પામેલ એક વ્યવસ્થા છે. ગુજરાતમાં સહકારી ક્ષેત્ર આજે આકાશી ઊંચાઈ પ્રાપ્ત કરી રહ્યું છે અને સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્રે ડંકો વગાડી રહ્યું છે. વધુ જણાવતાં તેમણે જણાવ્યું કે, સહકારી ક્ષેત્ર થકી આજે ખેડૂતો અને પશુપાલકો સશકત બન્યા છે.

સહકાર દ્વારા મજબૂત રાષ્ટ્ર નિર્માણ માટે "સહકારથી સમૃદ્ધિ" અને અમરેલી જિલ્લા સહકારી સંસ્થાઓની "વાર્ષિક સાધારણ સભા" કાર્યક્રમમાં સાંસદ નારણભાઈ કાછડીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠી–બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, ઠક્કરબાપાનગર, અમદાવાદનાં ધારાસભ્ય કંચનબેન રાદડીયા, નેશનલ મેન્ટર આઈ.વી.એફ. લેબોરેટરી, ભારત સરકારનાં ડો. શ્યામ ઝાવર, અમર ડેરીનાં ચેરમેન અનિભાઈ સાવલીયા, જિલ્લા પંચાયત અમરેલી પ્રમુખ ભરતભાઈ સુતરીયા સહિત બહોળી સંખ્યામાં જિલ્લાના ખેડૂતો, પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૨૦ | ૧૫૫૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૭૫ |
| ૩ | શિંગદાણા | ૧૨૭૦ | ૧૮૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૨૦૦ | ૩૭૧૧ |
| ૫ | તલ કાળા | ૧૯૦૦ | ૩૩૯૯ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૫૪૦ | ૩૫૪૦ |
| ૭ | બાજરો | ૩૦૦ | ૪૨૧ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૧૦૪૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૬૦૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૫૯ |
| ૧૧ | મકાઈ | ૪૬૬ | ૪૬૬ |
| ૧૨ | મગ | ૭૦૦ | ૨૨૨૭ |
| ૧૩ | અડદ | ૧૨૦૦ | ૧૯૫૦ |
| ૧૪ | ચણા | ૮૬૬ | ૧૨૬૨ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૮૬ | ૧૦૮૬ |
| ૧૬ | તુવેર | ૧૦૫૦ | ૨૧૫૦ |
| ૧૭ | કપાસ | ૯૩૫ | ૧૫૮૩ |
| ૧૭ | એરંડા | ૧૧૭૯ | ૧૨૦૫ |
| ૧૯ | જીરૂ | ૮૯૯૦ | ૧૧૦૩૦ |
| ૨૦ | ધાણા | ૧૦૩૦ | ૧૩૭૬ |
| ૨૧ | અજમા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ૨૨ | મેથી | ૧૦૫૦ | ૧૧૬૦ |
| ૨૩ | સોયાબીન | ૮૨૦ | ૯૦૨ |

## જાહેર નોટિસ

**મોજે–તોરી, તા.વડિયા–કુંકાવાવ, જી. અમરેલી**
**રે.સ.નં. ૨૬૬ પૈકી ૧, હેકટર ૩–૪૩–૯૮, ખાતા નં. ૧૩૧**

અમો ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે તોરી, તા. વડિયા–કુંકાવાવ, જી. અમરેલીના ખાતા નં. ૧૩૧ થી રે.સ.નં. ૨૬૬ પૈકી ૧, હેકટર ૩–૪૩–૯૮, વાળી ખેતીની જમીન દેવલતાબેન જયસુખભાઈ તેરૈયા વિ.ના સંયુકત નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, સ્વપાર્જીત, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે,

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકિય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત/લીઝલાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તાએ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચૂક કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈજ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

તા. ૨૫/૦૯/૨૦૨૩
ઠે. મેઈન બજાર, પુલ પાસે,
મુ. વડિયા, (જી.અમરેલી)
મો. ૯૯૨૫૩૦૪૪૪૯

**ચંદ્રેશ આર. રોશનીયા**
**(એડવોકેટ)**
**તે તમારા અસીલની સુચનાથી**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૦ | ૧૫૬૫ |
| ૨ | મગ | ૧૫૭૦ | ૨૧૦૦ |
| ૩ | અડદ | ૧૫૮૦ | ૧૭૦૦ |
| ૪ | ઘઉં | ૪૩૯ | ૫૪૧ |
| ૫ | ચણા | ૮૯૫ | ૧૧૬૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૦૧ | ૧૫૫૨ |
| ૨ | ચણા | ૮૦૦ | ૧૦૫૬ |
| ૩ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૪ | બાજરો | ૩૦૦ | ૪૧૫ |
| ૫ | ઘઉં | ૫૨૦ | ૫૨૦ |
| ૬ | સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૩૦ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૪૫ | ૧૪૧૧ |
| ૩ | તલ સફેદ | ૩૧૫૦ | ૩૪૩૦ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૩૪૨૫ |
| ૫ | જીરૂ | – | ૧૦૯૨૫ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૫૪૬ |
| ૭ | કપાસ નવો | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૭૧ |
| ૧૦ | બાજરો | ૩૩૦ | ૪૨૦ |
| ૧૧ | જુવાર | ૭૫૦ | ૯૪૦ |
| ૧૨ | મગ | ૧૬૧૫ | – |
| ૧૩ | ચણા | ૧૦૭૧ | ૧૨૩૪ |
| ૧૪ | તુવેર | ૧૭૫૦ | ૧૯૦૦ |
| ૧૫ | એરંડી | ૧૧૫૦ | – |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૮૬૬ |

પાના ૧ ઉપરનું ચાલું **રામપર ગામે માથાકૂટનાં સમાધાન**

જુનુ મનખુઃખ ચાલતું હોય. જે બાબતેનું સમાધાન કરવા સારૂ આરોપીએ વેપારી યુવકને તેના ઘરે ચા–પાણી પી સમાધાન કરવા બોલાવેલ હોય. જેથી વેપારી યુવક આરોપીના ઘરે જતાં આરોપીના બન્ને છોકરાઓ વેપારી યુવકને જોઈને અચનાક ઉશ્કેરાય જઈ જેમફાવે તેમ ગાળો આપવા લાગતા યુવકે ગાળો આપવાની ના પાડી આરોપીઓના ઘરેથી બહાર નીકળી ગાડીમાં બેસવા જતા આરોપીએ પાઈપ, કુહાડી લઈ વેપારી યુવકની ફોરવ્હીલ ઉપર ઘા કરી કુહાડી વડે હાથના અંગૂઠા પર ઘા મારી તથા પાઈપ વડે વેપારી યુવકને ડાબા હાથના ખભા પર તથા પીઠ પર તથા માથાના ભાગે આડેધડ માર મારેલ. તે દરમ્યાન ફરિયાદીના હાથમાં પાઈપ આવી જતાં ફરિયાદી ગોળ ગોળ પાઈપ ફેરવતા આરોપીઓ ભાગી ગયાની ફરિયાદ નોંધાઈ છે.


**સંકુલ એકાઉન્ટ આસીસ્ટન્ટ જોઈએ છે.**

★ સંકુલ નાં સ્કૂલ – કોલેજ – હોસ્ટેલ – ભોજનાલય – બાંધકામ – મેડીકલ વિગેરે તમામ વિભાગનાં

★ એકાઉન્ટ માં મદદરૂપ થઈ શકે તેવા એકાઉન્ટ આસીસ્ટન્ટ જોઈએ છે.
– કોમ્પ્યુટર નોલેજ જરૂરી

★ અનુભવીને પ્રાયોરીટી – ઉત્સાહી ફ્રેશર પણ એપ્લાય થઈ શકશે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન
હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, [illegible] રોડ, અમરેલી ★ ફોન:-[illegible] Ad063


## જાહેર નોટિસ

**મોજે–અરજણસુખ, તા.વડિયા–કુંકાવાવ, જી. અમરેલી**
**રે.સ.નં. ૧૪૦ પૈકી ૨/ પૈકી ૧, હેકટર ૦–૮૯–૦૩, ખાતા નં. ૫૭૯**
**રે.સ.નં. ૧૪૬/૧, હેકટર ૧–૮૩–૧૨, ખાતા નં. ૭૮૨**

અમો ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે અરજણસુખ, તા. વડિયા–કુંકાવાવ, જી. અમરેલીના ખાતા નં. ૫૭૯ વાળી જમીન વિનુભાઈ રણછોડભાઈ મોવલીયાના નામે તથા ખાતા નં. ૭૮૨ વાળી જમીન જોરૂભાઈ જીવાભાઈ બસીયા તથા સજજનબેન સુરગભાઈ શેખવાના સંયુકત નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, સ્વપાર્જીત, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે,

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકિય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત/લીઝલાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તાએ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચૂક કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈજ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

તા. ૨૫/૦૯/૨૦૨૩
ઠે. મેઈન બજાર, પુલ પાસે,
મુ. વડિયા, (જી.અમરેલી)
મો. ૯૯૨૫૩૦૪૪૪૯

**ચંદ્રેશ આર. રોશનીયા**
**(એડવોકેટ)**
**તે તમારા અસીલની સુચનાથી**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૧ | ૩૨૫૦ |
| ૩ | તલ કાળા | ૨૦૦૧ | ૨૩૩૨ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| ૫ | બાજરો | ૩૭૦ | ૪૩૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૩૨ |
| ૭ | જુવાર | ૭૩૧ | ૧૦૮૦ |
| ૮ | મકાઈ | ૩૦૦ | ૪૦૧ |
| ૯ | ચણા | ૭૫૦ | ૧૧૦૦ |
| ૧૦ | વરીયાળી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | અજમા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૨ | રાય | ૮૦૦ | ૮૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૮૦ | ૮૯૨ |

# સાવરકુંડલાનાં નકલંગ મંદિર ખાતે નેજા ઉત્સવની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલામાં આવેલ ખાદી કાર્યાલય નકળંગ મંદિર ભાદરવી સુદ નોમ નિમિત્તે રામદેવ પીર મહારાજના મંદિરે દર વર્ષની જેમ આ વખતે પણ નેજા ધારી રામદેવપીરના મંદિરે ધામધૂમથી નેજા ઉત્સવ ઉજવામાં આવેલ.

રામદેવપીરના નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે નવ નોરતામાં સાવરકુંડલાના નકલંગ મંદિર રામદેવપીરના મંદિરે દર્શન કરવા આવે અને હવનનું આયોજન કરવામાં આવેલ છે અને રામદેવપીરના મંદિરે ભાવિકભકતો મગન ભગતના આર્શીવાદ લેવાનો અવસર મળે છે, આ તકે રામદેવપીરના મંદિરે દર્શન અને મગન ભગતની ઉપસ્થિતિમાં નેજા વાળા રામદેવપીરના નોમનો નેજો ચડાવવામાં આવે છે.

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે. બોરીસાગર બી.એ.એલ.એલ.બી. એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ) રહે. ખાંભા, તાલુકો : ખાંભા, જી. અમરેલી. તે આથી મારા અસીલશ્રી કાનાભાઈ પાચાભાઈ ભરવાડ, રહે. જામકા, તા. ખાંભા, જી. અમરેલીવાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટિસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,

ગુજરાત રાજયનાં અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના મોજે ગામ : જામકાનાં સર્વે નં.૨૦ ની હે.આરે.ચો. ૪–૨૭–૯૬ ની ખેતીની જમીન ખાતા નં.૮૦૯ થી (૧) શ્રી મણીબેન નાનજીભાઈ ગોહીલ, (૨) શ્રી રામભાઈ નાનજીભાઈ ગોહીલ, અને (૩) શ્રી ભોળાભાઈ નાનજીભાઈ ગોહીલ, રહે. તમામ ગામ : પીપરીયા, તા.ખાંભા, જી. અમરેલીવાળાનાં નામે નોંધાયેલ છે. આ જમીન મારાં અસીલશ્રીના પિતાશ્રીએ રાજુલાનાં સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીનાં ૧ નંબરની બુકનાં અનુક્રમ નં.૧૧૮૭ તા.૧૬/૦૯/૧૯૮૩ ના નોંધાયેલ રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે, અને ત્યારથી આ જમીનનો કબજો – ભોગવટો મારાં અસીલશ્રી પાસે છે, પરંતુ આ દસ્તાવેજમાં સર્વે નંબર અને ક્ષેત્રફળ લખવામાં ભુલ થયેલ હોય, અને કાયદાની અજ્ઞાનતાનાં કારણે મારાં અસીલશ્રીનાં પિતાશ્રીને તેની જાણ ન હોય, તેની જાણ થતા મારાં અસીલશ્રીનાં પિતાશ્રીએ ખાંભાનાં મહે. પ્રિ. સિવીલ જજ સાહેબની કોર્ટમાં દાવો દાખલ કરેલ છે, અને જે દાવો હાલ રે.દિ.કેસ નં. ૧૪/૨૦૧૦ થી ખાંભા કોર્ટમાં પેન્ડીંગ છે. અને ગુજરનારનાં વારસદાર દરજજે મારાં અસીલશ્રી આ દાવાથી હાલ લડત આપી રહયા છે. આમ આ દાવો પેન્ડીંગ હોવા છતાં પણ ઉપરોકત ત્રણેય આસામીઓ આ મિલકતનુ રેવન્યુ રેકર્ડ તેમનાં નામે નોંધાયેલ હોય, તેનો ગેરલાભ લઈ ઉપરોકત વિગતવાળી મિલકત વેચાણથી આપવાની તજવીજ કરી રહયા છે, અથવા તો આ મિલકત ઉપર કરજ, બોજો કરવાની તજવીજ કરી રહયા છે, જે કરવાનો તેમને કોઈ હકક, સતા કે અધિકાર નથી, અને તેથી મારાં અસીલશ્રીનાં પિતાશ્રીએ ખરીદેલ તેમનાં આ કબજા–ભોગવટાવાળી મિલકતનાં રક્ષણાર્થે મારાં અસીલશ્રીને હાલની આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે.

**(૨) સબબ આ જાહેર નોટિસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,**

(૧) મોજે ગામ : જામકાનાં સર્વે નં.૨૦ની હે.આરે.ચો. ૪–૨૭–૯૬ ની ખેતીની જમીન ખાતા નં.૮૦૯ થી (૧) શ્રી મણીબેન નાનજીભાઈ ગોહીલ, (૨) શ્રી રામભાઈ નાનજીભાઈ ગોહીલ, અને (૩) શ્રી ભોળાભાઈ નાનજીભાઈ ગોહીલ, રહે. તમામ ગામ : પીપરીયા, તા.ખાંભા, જી. અમરેલીવાળાનાં નામે નોંધાયેલ હોય, આ જમીન મારાં અસીલશ્રીનાં પિતાશ્રીએ ખરીદ કરેલ હોય, અને તેનાં ઉપર હાલમા ખાંભા કોર્ટમાં રે.દિ. કેસ નં.૧૪/૨૦૧૦ થી દાવો પેન્ડીગં હોય, આ વ્યકિતઓ સાથે આ જમીન બાબતે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાએ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં, અને તેમ છતાં પણ કોઈ વ્યકિત, પેઢી કે સંસ્થા દ્વારા ઉપરોકત વિગતવાળા સર્વે નંબરવાળી જમીન સબંધે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો મારાં અસીલશ્રીને તે વ્યવહાર કબુલ, મંજુર કે બંધનકર્તા રહેશે નહીં, અને આવો વ્યવહાર કરનાર વ્યકિત, પેઢી કે સંસ્થા સામે પણ મારા અસીલણશ્રીને ના છૂટકે કાનુની કાર્યવાહી કરવાની ફરજ પડશે, અને તેવા પ્રસંગે મારાં અસીલશ્રીને થતાં તમામ ખર્ચ અને પરિણામની સંપૂર્ણ જવાબદારી વ્યવહાર કરનારનાં શીરે રહેશે, જેની જાહેર જનતાએ આથી ગર્ભીત નોધ લેવી.

સ્થળ : ખાંભા
તારીખ : ૨૫/૦૯/૨૦૨૩
:: ઓફીસ ::
"તક્ષશીલા વિદ્યા સંકુલ"
જાફરાબાદ રોડ, મુ.તા.ખાંભા,
જી.અમરેલી.૩૬૫૬૫૦

**ઉપેન્દ્ર કે. બોરીસાગર**
**એડવોકેટ–ખાંભા**
**મો. ૯૪૨૬૪ ૫૭૪૯૨**

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૩૫ | ૧૪૦૧ |
| ૨ | મગફળી | ૮૦૫ | ૧૨૦૧ |
| ૩ | ઘઉં | ૪૮૧ | ૫૧૬ |
| ૪ | ચણા | ૧૦૦૫ | ૧૧૯૦ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૧૯૫ |
| ૬ | તુવેર | ૧૮૫૧ | ૧૮૫૧ |

# ચલાલા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા ગણેશ ઉત્સવની આસ્થાભેર ઉજવણી



ચલાલા– યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગણેશ ઉત્સવની શાનદાર ઉજવણી ચાલી રહી છે. ભવ્ય મંદિરમાં બિરાજતા સિદ્ધિ વિનાયક દુંદાળા દેવનું પુજન સંસ્થાના વડા પૂ.રતિદાદા, ડાયરેકટર ભારત ભુષણ મહેશભાઈ, મંજુલા તથા શીતલબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાનાં આચાર્ય શીતલબેન, સ્ટાફગણ તથા બાળકોએ 'ગણપતિ બાપા મોરિયા' ના નાદ સાથે ગજાનન ગણપતિ દાદાનું સ્વાગત કર્યુ હતું. અને સાથે હોસ્ટેલમાં રહેતા બાળકો દ્વારા રોજ આરતી, ધુન–ભજન અને પ્રસાદ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી હતી.

## સાવરકુંડલાનાં આદર્શ આચાર્યા વર્ષાબેન ખખ્ખરનું આચાર્ય સંઘ દ્વારા સન્માન

સાવરકુંડલા. તા.૨૫

સંસ્કારી શહેર સાવરકુંડલાની નૂતન કેળવણી મંડળ હેઠળ ચાલતી પ્રતિષ્ઠિત એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કુલ અને એ.કે.ઘેલાણી ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલનાં આદર્શ પ્રિન્સિપાલ વર્ષાબેન એન. ખખ્ખર કુલ ૩૨ વર્ષની શૈક્ષણિક સુવાસભરી સેવા આપીને તાજેતરમાંજ વયનિવૃત થયા છે.

આચાર્યા વર્ષાબેને શાળામાં ૩૨ વર્ષ સુધી ઉમદા શૈક્ષણિક સેવા આપી છે, સાથે–સાથે આચાર્ય સંઘમાં પણ પરિવાર ભાવના અને સકારાત્મક અભિગમ દ્વારા સુંદર ઉદાહરણ પુરૂ પાડીને શિક્ષણ અને સામાજિક ઘડતરમાં પોતાનું આગવું યોગદાન આપ્યું છે.

આચાર્ય બનતાની સાથે શરૂઆતથી જ આચાર્ય સંઘમાં હોદ્દો ધરાવી કાર્યરત રહી સંઘ ભાવનાને મહત્વ આપતા રહ્યા છે.શિક્ષણયાત્રી વર્ષાબેને ૧૭ વર્ષ સુધીની આચાર્યની સેવાકાળ દરમિયાન ડીઈઓ ઓફિસ દ્વારા સોંપવામાં આવેલ કયુડીસી કન્વીનર તરીકેની કામગીરી દ્વારા ડીઈઓ સાથેની સાવરકુંડલાની તમામ શાળાની માહિતી આપ–લેની કામગીરી પણ સુપેરે નિભાવી છે ત્યારે ડીઈઓ



ઓફિસ અને આચાર્ય સંઘે બહેનની સુંદર કામગીરીની નોંધ લઈ અનેક મહાનુભાવો અને અધિકારીઓની હાજરીમાં સન્માન પત્ર અર્પણ કરી ગૌરવ અને હર્ષની લાગણી અનુભવી છે. ઉજળી પ્રતિભા તરીકે સમાજમાં વર્ષાબેનનાં અનેક રીતે વધામણા થયા છે. સમાજે સારી રીતે યોગ્ય સમયે યોગ્ય સન્માનોથી નવાજયા છે, જેમાં આજે એક મોંરપીંછની માફક સન્માન પત્ર ઉમેરાયું છે.

સાવરકુંડલા વિરદાદા જસરાજ સેના,લોહાણા મહાજન સાવરકુંડલા, લોહાણા મહાજન – અમરેલી, લોહાણા મહાજન – ધારી, સુચક હોસ્ટેલ સા.કું., લોહાણા વિદ્યાર્થી ભવન સા. કું. રામાનંદી હોસ્ટેલ સા. કું., યોગી ઈન્ટરનેશનલ સ્કુલ – ધારી, બેઠકજી સા. કું., હવેલીજી સા .કું., સ્ટેટ બેંક સા.કું, પ્રમુખ આર્ટસ સા.કું., બ્રહ્મા કુમારીઝ સા.કું., સ્વામિનારાયણ મંદિર સા. કું.,નગરપાલિકા સા. કું ., નૂતન સ્કૂલ–અમરેલી,ગુજરાત સરકાર વગેરે.શિક્ષણયાત્રી વર્ષાબેન એન. ખખ્ખર સેમ્ય અને મૃદુ સ્વભાવથી વિદ્યાર્થીઓને દીકરીનું મધુરમીઠું સંબોધન કરી, દીકરીઓનાં પ્રેમાળ 'માં' બની કાર્ય કરતા હતા ,જેથી આજે પણ દીકરીઓ અને વાલીઓ ગુરૂવર્ય બહેનને સતત ફોન કરી માર્ગદર્શન મેળવે છે તેમજ પોતાના પ્રશ્નો સોલ્વ કરે છે. આ પ્રસંગે સમગ્ર અમરેલી જિલ્લામાંથી આચાર્યઓ ઉપસ્થિત રહ્યા હતા.


હેપ્પી બર્થ–ડે...

જાફરાબાદનાં

નાના સાકરીયાનાં

મિતરાજ વરૂ નો

આજે જન્મદિવસ છે



મિતરાજ વરૂ

હેપ્પી બર્થ–ડે...


અમરેલી શહેર યુવક કોંગ્રેસના પ્રમુખ તેજસભાઇ મસરાણીના સુપુત્ર પ્રિયાંશ તેજસભાઇ મસરાણીનો આજે પ્રથમ જન્મદિવસ છે.

પ્રિયાંશને ફઇ–ફૂવા તરફથી અને મોટાભાઇ તરફથી જન્મદિવસની શુભકામનાઓ પાઠવે છે.

મોટાભાઇ વ્યોમ, ધિયાંશ

ફૂવા : ભાવિકભાઇ, ફઇ : જ્યોતિબેન

ફૂવા : હિરેનભાઇ, ફઇ : ધારાબેન



પ્રિયાંશ મસરાણી


## રામધામ ખાતે ગણેશોત્સવની ઉજવણી



અમરેલી, તા. ૨૫, અમરેલી લોહાણા મહાજન દ્વારા ગણેશોત્સવની ઉજવણી દરમિયાન રોજ અલગ અલગ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે ત્યારે રવિવારે લોહાણા મહાજન વાડી ખાતે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગોંડલ રામજી મંદિરના મહંત પૂજય જયરામદાસ બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ પૂર્વે પૂ. જયરામદાસ બાપુ અમરેલીમાં પોપટ પરિવારના નિવાસસ્થાન 'રામધામ' ખાતે ભગવાન ગણેશજીની દિપમાળા આરતી કરી હતી.

## અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના નવા સુત્રધારોનું વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન કરાયું

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પદાધિકારીઓની સમય અવધિ પુરી થતા નવા પદાધિકારીઓની સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સર્વાનુમતે નિયુકિત થતા નવા પદાધિકારીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ બાલભવન અમરેલીના ચેરમેન અને પૂર્વ ધારાસભ્ય (બોરીવલી) તથા મુખ્ય ટ્રસ્ટી –બાલભવન જવાહરભાઈ મહેતાની પ્રેરણા અને શુભેચ્છા સાથે વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા યોજવામાં આવ્યો હતો.

અમરેલી જિલ્લામાં શિક્ષણ સાથે સંકળાયેલ અને અનેકવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા માધ્યમિક શાળા આચાર્ય સંઘના મહામંત્રી, પૂર્વ સેનેટ સભ્ય અને આચાર્ય એવા શિક્ષણવિદ્ મુકુંદભાઈ મહેતાની સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે વરણી થતા તથા સામાજિક કાર્યકર અને બિલ્ડર એવા સિધ્ધાર્થભાઈ ઠાકરની ઉપપ્રમુખ તરીકે તેમજ અમરેલી જિલ્લા ચેંમ્બર્સ એન્ડ કોમર્સના પ્રમુખ અને યુવા સામાજિક કાર્યકર્તા ભગિરથભાઈ ત્રિવેદીની મહામંત્રી તરીકે નિયુકિત થતા તેઓને બાલભવન અમરેલી ખાતે વિવિધ



સંસ્થાઓના પદાધિકારીઓ સર્વ મોટાભાઈ સંવટ, મેનેજીંગ ટ્રસ્ટી–ડો જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ – બાલભવન – અમરેલી, નારણભાઈ ડોબરીયા, મંત્રી – પટેલ વિદ્યાર્થી આશ્રમ, મહેન્દ્રભાઈ જોષી, પ્રમુખ–લોકસાહિત્ય સેતુ, પરેશભાઈ આચાર્ય, લાયન્સ કલબ – અમરેલી, દિનેશભાઈ ત્રિવેદી, ડાયરેકટર–બાલભવન, અનિભાઈ ત્રિવેદી, સૌરાષ્ટ્ર કચ્છ બ્રમ્હ સમાજ પ્રતિનિધિ, તનસુખભાઈ ઠાકર, પૂર્વપ્રમુખ અમરેલી જિલ્લા બ્રહ્મસમાજ, હસુભાઈ જોષી, સમસ્ત બ્રહ્મ સમાજ આગેવાન, પંકજભાઈ જોષી, બાલભવન અમરેલી સહિત મહાનુભાવો દ્વારા તમામ પદાધિકારીઓનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન કરીને તેમના સમાજલક્ષી કાર્યો થકી સમાજને બહોળા પ્રમાણમાં યોગ્ય માર્ગદર્શન અને સાચી દિશા મળે તેવી શુભેચ્છાઓ આપવામાં આવી હતી.આ તકે જેમની કાર્ય અવધિ પૂર્ણ થઈ તેવા પ્રમુખ તનસુખભાઈ ઠાકરને પણ વિશેષ સન્માનિત કરીને તેમની કાર્ય અવધિ દરમિયાન કરેલા કાર્યોને યાદ કરીને શુભેચ્છા આપવામાં આવી હતી. આ તકે બાલભવન સંગીત કક્ષાના તાલીમાર્થીઓ તથા બાળકોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# કુંકાવાવ ખાતે સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળીની નવનિર્મિત શાખાનું લોકાર્પણ અને સાધારણ સભા યોજાઇ



બગસરાથી અમદાવાદ સુધીની તેર વર્ષની સફરમાં શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરાએ એક સહકારી પ્રવૃતિઓને વેગવંતી બનાવી છે. ગ્રામ્ય સમૃદ્ધિ, રોજગારી અને ખેડૂતોનો વિકાસ થાય એ માટે આ સંસ્થા કાર્યરત છે. ગુજરાતની શ્રેષ્ઠ મંડળીનું સન્માન જે શરાફી મંડળીના નામે બોલે છે એ બગસરાની શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળીની મોટી કુંકાવાવ ખાતે નવનિર્મિત નૂતન શાખાનું લોકાર્પણ અને સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા અને ચેરમેન અનિલભાઈ વેકરિયાના વડપણ હેઠળ સામાજિક, સેવાકીય અને સહકારી પ્રવૃતિઓની ત્રિવેણી સંગમ આ સંસ્થામાં જોવા મળે છે. પારદર્શક વહીવટઅને સભાસદોના હિતોને ધ્યાનમાં રાખીને કાર્ય કરતી સંસ્થાને સૌ આમંત્રિત સહકારી, રાજકીય અને સામાજિક આગેવાનોએ બિરદાવી હતી. શાખાના ઉદ્‌ઘાટન પ્રસંગે અને સાધારણ સભામાં ઉપસ્થિત રહી વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા અને સાંસદ નારણભાઈ કાછડિયાએ સંસ્થાની સહકારી પ્રવૃતિઓને બિરદાવી હતી અને પ્રસન્નતા વ્યકત કરી હતી.ઉલ્લેખનીય છે અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, લાઠી ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, સારહિ યુથ કલબ પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને પ્રદેશ ભાજપ કિસાન મોરચા મહામંત્રી હિરેનભાઈ હિરપરાએ સાધારણ સભામાં હાજરી રહ્યા હતા. જિલ્લા સંઘ પ્રમુખ મનિષભાઈ સંઘાણી અને એનસીયુઆઈ ડિરેકટર ભાવનાબેન ગોંડલિયાએ પ્રસંગોપાત શુભેચ્છા પાઠવી હતી. મોટી કુંકાવાવ ખાતે ગ્રામ્ય વિસ્તારના નગરજનોને આર્થિક સવલતો મળી રહે તે હેતુથી અત્યાધુનિક ઓફિસ સાથે શાખા કાર્યરત કરવામાં આવી છે. અત્યાધુનિક સુવિધઆઓથી સજ્જ સુરક્ષા સાથે રૂમ લોકર (સેઈફ ડિપોઝિટ વોલ્ટ) પણ બનાવવામાં આવ્યો છે. સાધારણ સભામાં વિવિધ યોજનાઓની જાહેરાત સાથે લાભાર્થીઓને ચેક અને બોન્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાધારણ સભામાં ખ્યાતનામ લોકગાયક મયુરભાઈ દવે એ સંતવાણીનો કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ ટ્રસ્ટી વસંતભાઈ મોવલિયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજિયા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, શિક્ષણ સમિતિ ચેરમેન વિપુલભાઈ દુધાત, કુંકાવાવ તા.પં. પ્રમુખ પરશોત્તમભાઈ હિરપરા, કુંકાવાવ તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદિપભાઈ ભાખર, બગસરા શહેર ભાજપ પ્રમુખ ધીરૂભાઈ કોટડિયા, બાબરા તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરિયા, બગસરા નગરપાલિકા પ્રમુખ એ. વી. રીબડિયા, શાસક પક્ષ નેતા જ.પં. વિપુલભાઈ રાંક, અમરેલી જિલ્લા બ્રહ્મસમાજ પ્રમુખ મુકુંદભાઈ મહેતા, બગસરા પટેલ સમાજ પ્રમુખ રમેશભાઈ સુવાગિયા, જિલ્લા પટેલ સમાજ અગ્રણી કાંતિભાઈ વઘાસિયા, અમરેલી ડિસ્ટ્રકટ ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, કુંકાવાવ સરપંચ સંજયભાઈ લાખાણી, શ્રી સ્વામિનારાયણ મંદિર વાઈસ ચેરમેન રાજેશભાઈ માંગરોળિયા, અમરેલી તા.પં. કારોબારી ચેરમેન જે.બી. દેસાઈ, દંડક આશિષભાઈ અકબરી, આહિર સમાજ અગ્રણી વનરાજભાઈ કોઠિવાળ , સરદાર પટેલ મંડળી પ્રમુખ કે.ડી. નળિયાધરા, લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી પ્રમુખ કિશોરભાઈ શિરોયા, જિ.પ. સદસ્ય ધીરૂભાઈ માયાણી, જિલ્લા યુવા ભાજપ મહામંત્રી જગદિશભાઈ નાકરાણી, રાજુભાઈ ગીડા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન જિગરભાઈ રાદડિયાએ કર્યુ હતું એવું અખબારી યાદીમાં સંસ્થાના મંત્રી દિપકભાઈ આંબલિયા, મેનેજિંગ ડિરેકટર જયસુખભાઈ ગોંડલિયા અને વાઈસ ચેરમેન દિવ્યેશ વેકરિયાએ જણાવ્યું હતું.

